

## નહજુલ બલાગાના દ્રષ્ટિકોણથી

# દુઆ

મૌલાના સૈયદ મેહદી રઝા રીઝવી

بسم الله الرحمن الرحيم

### નહજુલ બલાગાના દ્રષ્ટિકોણથી

# દુઆ

અનુવાદઃ મૌલાના સૈયદ મેહદી રઝા રિઝવી

# કિતાબનું પરિચય

**કિતાબનું નામ:** નહજુલ બલાગાના દ્રષ્ટિકોણથી દુઆ

**લેખક:** જવાદ મોહદદેસી

**અનુવાદક:** સૈયદ મેહદી રઝા રિઝવી

**સંપાદન અને ગ્રાફિક:** સૈયદ તાલીમ રઝા જાફરી સાહબ

**પ્રકાશક:** અયનુલ હયાત ફાઉન્ડેશન

**પ્રથમ આવૃતિ: 1446** હિજરી-**2025**

**નકલ: 500**

આ પુસ્તક પ્રકાશકને સૂચિત કરીને ફરીથી છાપી શકાય છે.

# પુસ્તક અનુક્રમણિકા

પ્રકાશક સંવાદ ........................................ ૫
બે બોલ .................................................૮
સ્વયંવાત............................................... ૯
દુઆ: રહેમતના ખજાનાની ચાવી ............................ ૧૨
દુઆનો શોખ ...........................................૧૮
મુશ્કેલીઓ સામે કવચ ...................................૨૦
દુઆ અને કબૂલિયત ..................................... ૨૪
દુઆની રીતભાત અને શરતો .............................. ૨૮
અલ્લાહની તારીફ અને હમ્દ કરો ............................૨૧
તક્વા ............................................... ૩૨
સ્થળ અને સમય .......................................૩૩

વારંવાર દુઆ કરવી ........................................ ٣٥

અલ્લાહની મઅરેફત ........................................ ٣٥

તૂટેલું દિલ ........................................ ٣٧

દુઆ મોડેથી સ્વીકારવાના કારણો ........................................ ٣٨

શું માંગવું? ........................................ ٤١

રોશની ફેલાવનારા ........................................ ٤٨

પયગમ્બર ઈસ્લામના સહાબીઓની વિશેષતા ........................................ ٥١

હઝરત અલી (અ.સ)ની દુઆઓ ........................................ ٥٣

**1**- યાત્રા (સફર) પર જતા સમયે દુઆ ........................................ ٥٣

**2**- તે દુઆ જે ઈમામ અલી (અ.સ) ખૂબ માંગતા હતા ........................................ ٥٤

**3**- વરસાદ માટે દુઆ ........................................ ٥٥

**4**- જંગે સિફ્ફિનની શરૂઆતમાં દુઆ ........................................ ٥٦

**5**- એક બીજી દુઆ ........................................ ٥٦

**6-** દુશ્મનો માટે દુઆ ................................ ૫૮

**7-** દુશ્મનો માટે બદ દુઆ ................................ ૫૮

**8-** સન્માન અને આદર માટે દુઆ ........................ ૫૮

**9-** પોતાની પ્રશંસા કરનારાઓ માટે દુઆ ................ ૫૮

**10-** નિફાકથી બચવાની દુઆ .............................૫૧

ઈમામ અલી (અ.સ)ની વસિય્યતનો એક ભાગ ......... ૫૧

નોંધ: ...........................................................૫૨

## પ્રકાશક સંવાદ

સમાજ અને મુઆશરામાં કૌમ અને રાષ્ટ્રનું શૈક્ષણિક બગાડ અને ફિકરી અધોગતિ,તમામ વિજ્ઞાન અને કળાઓમાં જોઈ શકાય છે,પરંતુ માનવતા માટે સૌથી મોટો ખતરો એ શિક્ષણ અને ધર્મમાં અધોગતિ છે કારણ કે વિવિધ વિજ્ઞાન અને કળાઓ આ વિશ્વ સુધી મર્યાદિત છે. પરંતુ ધાર્મિક શિક્ષણ દુનિયા સિવાય આખેરત માં પણ ઉપયોગી થવાનું છે, તેથી ધર્મમાં બૌદ્ધિક (ફિકરી) અધોગતિની હાનિકારક અસરો સમાજમાં થવું તે સ્વાભાવિક છે.

આજના સમયમાં અયનુલ-હયાત ફાઉન્ડેશન, યુવાનોને આ ખતરાઓ થી બચાવવા માટે વિવિધ વિષયો હેઠળ દેશના યુવાનો માટે, ઉર્દૂ, હિન્દી અને ગુજરાતી ભાષાઓમાં લખાણો અથવા પુસ્તકો પ્રકાશિત કરે છે.

આ પુસ્તકમાં દુઆ સંબંધિત નેહજુલ બલાગામાં હઝરત અમીરુલ મોમેનીન અલી ઇબ્ને અબી તાલિબ (અ.સ) દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શન વાચકો સમક્ષ રજૂ કરવામાં આવે છે. આશા છે કે પ્રિય વાચકોને આ અનુવાદ ગમશે.

ફાઉન્ડેશન હંમેશા તમારા રચનાત્મક પ્રતિભાવો અને સૂચનોની રાહ જોઈ રહયો છે.

## બે બોલ

આજની દુનિયા ભીડ, ઘોંઘાટ અને ગ્લેમરની દુનિયા છે જેમાં માણસો અને માનવતા સામે સતત શેતાની યુક્તિઓ અને શેતાની ષડયંત્રો રમવામાં આવે છે, જેના કારણે આપણા જેવા લોકો વિવિધ માનસિક અને આધ્યાત્મિક રોગો અને મુશ્કેલીઓથી ઘેરાયેલા છે. મુશ્કેલીઓના એવા દર્દમાં ફસાયેલા છે કે જેમાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો નથી. આનું સૌથી મોટું કારણ એ છે કે જે દુન્યવી બાબતોને લીધે આપણે આ મુશ્કેલીઓમાં ફસાઈએ છીએ, તે મુશ્કેલીઓમાંથી બહાર આવવા માટે આપણે એ જ લોકો તરફ નજર કરીએ છીએ જેમણે આપણી આસપાસ આ મુશ્કેલીઓની જાળ વણી લીધી છે. પરિણામ એ આવે છે કે આપણે વધુ મુશ્કેલીઓમાં ફસાઈ જઈએ છીએ. જ્યારે જીવનની મુશ્કેલીઓમાંથી બહાર આવીને યોગ્ય જીવન જીવવા માટે અલ્લાહે આપણને જ્ઞાનનો ખજાનો પોતાની કિતાબ કુરાન અને નિર્દોષ (માસુમ) ઈમામોના રૂપમાં મોકલ્યો છે. ઈમામો અને અહલેબૈત (અ.સ.)નું જીવન અને તેમના દ્વારા બતાવેલ માર્ગ આપણા માટે ખાસ માર્ગ હતો અને તેમાંથી હઝરત અલી (અ.સ.)એ જે કંઈ પણ કહ્યું અથવા લખ્યું છે તેને સંકલિત કરીને લખાયેલ પુસ્તક નેહજુલ બલાગા સૌથી અલગ છે, જેનો ઉપયોગ દરેક યુગમાં આપણને સાચો માર્ગ બતાવવા માટે થાય છે. જે સૌથી રોશન ચિરાગ છે.

નેહજુલ બલાગા એક એવી કિતાબ છે જેમાં હઝરત અલીએ જીવનની દરેક સમસ્યા અને દરેક મુશ્કેલી વિશે વાત કરી છે અને તે મુશ્કેલીમાંથી બહાર નીકળવાનો માર્ગ પણ બતાવ્યો છે.

તમારા હાથમાં જે પુસ્તક છે તેમાં વિશ્વની મશહુર કિતાબ "નેહજુલ બલાગા" માંથી લખેલી બાબતોને આપણા યુવાનો માટે જે હઝરત અલી અ.સ ના શબ્દો વાંચવા અને સમજવા માંગે છે તેમની સમક્ષ ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જેથી આપણે અલ્લાહથી વધારે નજીક થઈ શકીએ, ઈન્શાઅલ્લાહ

આ કિતાબ જેનો ટાઇટલ છે "આવો નેહજુલ બલાગાથી શીખીએ" હુજ્જતુલ ઈસ્લામ જવાદ મોહદ્દીસી, એક પ્રખ્યાત ઈરાની આલીમ, જેમણે કેટલાક ટોપિકો ઉપર કિતાબો લખી છે, તેમાંથી એક "દુઆ" વિશે છે અને આ તેનો ગુજરાતી અનુવાદ તમારી સામે છે.

આ સીરીઝ (શ્રેણી)માં તૌબા, દુઆ, શેતાન, વકત, ઈમામ અલી (અ.સ)ની વસિય્યત, મિત્રતા (દોસ્તી), અલ્લાહની બંદગી, અને ઝબાન જેવી અન્ય કિતાબો ફારસીમાં મોજુદ છે તમે દુઆ વિશેનું આ ત્રીજો પુસ્તક તમારા હાથમાં જોઈ રહયા છો અને જો અલ્લાહ સર્વશક્તિમાન તેની પરવાનગી આપેશે, તો બીજા પુસ્તકો પણ ગુજરાતી ભાષામાં ટૂંક સમયમાં તમારી સમક્ષ રજૂ કરવામાં આવશે.

જ્યારે કોઈ પુસ્તક પ્રકાશિત થાય છે, ત્યારે તેમાં કેટલીક ખામીઓ અથવા ભૂલો હોય છે. આ પુસ્તક તમારા હાથમાં છે. આ વાંચ્યા પછી, કૃપા કરીને તમે જે ખામીઓ જુઓ છો તેના વિશે અમને જણાવો જેથી તે આગામી આવૃત્તિમાં દૂર કરી શકાય.

અનુવાદક
સૈયદ મેહદી રઝા રિઝવી

## સ્વચંવાત

"દુઆ" એ અલ્લાહ પ્રત્યેના પ્રેમની નિશાની છે. તે દરેક વસ્તુથી મુક્ત અલ્લાહના દરબારમાં જરૂરિયાતમંદ બંદાનું રાઝો નિયાઝ પણ છે. દુઆ એ આપણા માલિકની બારગાહમાં એક એવી ઈબાદત છે જેનો સ્ત્રોત[1] ઇન્સાનની ફિતરત છે એટલે અલ્લાહને સજદા કરવાનો સ્વભાવ કે તે જન્મથી જ મનુષ્યની અંદર જોવા મળે છે.

માણસ તેના સર્જકની સામે કંઈ નથી જ્યારે અલ્લાહની કોઈ મર્યાદા કે સીમાઓ નથી. અલ્લાહની સરખામણીમાં માણસ સમુદ્રની સરખામણીમાં એક ટીપા જેવો છે, બલ્કે એક ટીપું પણ નથી. આ હકીર, મામૂલી અને નજીવાને અલ્લાહની અનંત જાતિ સાથે જોડતી વસ્તુને "દુઆ" કહે છે.

દુઆ એ ફક્ત શબ્દોને પુનરાવર્તિત કરવાનું નામ નથી, પરંતુ દુઆ એ આપણી બધી લાગણીઓ અને જઝબાતોને એકત્રિત કરીને આપણા હૃદયના ઊંડાણમાંથી આપણી બધી જરૂરિયાતો અલ્લાહ સર્વશક્તિમાન પાસેથી માંગવાનું નામ છે.

જો દુઆ ઉદાસી સ્થિતિમાં અને તૂટેલા હૃદય સાથે હૃદયના ઊંડાણમાંથી આવે છે, તો તે સીધી અર્શને[2] જઈ અથડાવે છે.

જ્યારે દિલનું આકાશ વાદળોથી ઢંકાયેલું હોય, ત્યારે રાઝો નિયાઝ અને આંસુનો વરસાદ જ છે જે હૃદયના ચમનને સેરાબ[3] કરી

---

[1] સોર્સ
[2] સિંહાસન
[3] તૃપ્ત

શકે છે. આંસુઓનું આ પૂર એ એવી રહેમતનો વરસાદ છે જે વ્યક્તિને તેના માલિક અને પાલનહાર સાથે પુનઃમિલન કરાવે છે.

અલ્લાહે મોકલેલા પયગંબરો અને માસૂમ ઈમામોએ હંમેશા અલ્લાહ સમક્ષ દુઆમાં હાથ લંબાવ્યા છે અને તેમની આશાઓ હંમેશા અલ્લાહની રહેમત ઉપર આધારિત રહી છે. પયગંબર દાઉદ (અ.સ)ની દુઆથી પ્રોફેટ ઈસ્લામની મુનાજાત સુધી, હઝરત અલી (અ.સ)ના આંસુથી ઈમામ હુસૈન (અ.સ)ના રાઝો નિયાઝ સુધી, સહીફ-એ-સજ્જાદીયામાં ઈમામ ઝૈનુલ આબેદીનની આધ્યાત્મિક દુઆઓથી લઈને અન્ય ઘણા દીની રેહનુમાઓના દુઆ ભરેલા શબ્દો સુધી... આંસુની આ પ્રક્રિયા કાયમ ચાલતી આવી છે.

કુરાન મજીદમાં ઘણા લોકોની મૌખિક દુઆઓ લખેલી છે. આ દુઆઓ અને માસૂમીનની અન્ય દુઆઓમાં ધાર્મિક ઉપદેશોનો મોટો ખજાનો છે.

અલ્લાહે કુરાનમાં દુઆઓ અને મુનાજાતો ઉપર ખૂબ ભાર મૂક્યો છે અને દુઆ કરનારાઓની દુઆઓને સ્વીકારવાનું વચન પણ આપ્યું છે.

આપણને દરેક સમયે અને દરેક યુગમાં દુઆ અને મુનાજાતની જરૂર છે. આપણે જ્યાં પણ હોઈએ અને ગમે તેવી પરિસ્થિતિમાં હોઈએ, પછી તે મસ્જિદમાં હોઈએ કે શાળામાં, ઘરમાં કે કોઈ સામાજિક કાર્યક્રમમાં... આપણે આપણા અલ્લાહના દરબારમાં આપણી બંદગીને જાહેર કરવી જોઈએ જેથી મહેરબાન અલ્લાહ આપણને કરમની નિગાહથી જુએ અને આપણી દુઆઓ ને કબૂલ કરે.

તમારી સામે જે કિતાબ છે તે એ સિદ્ધાંતો પર લખવામાં આવી છે જે હઝરત અલી (અ.સ)એ અમને નહેજુલ બલાગામાં દુઆના ઉસુલો વિશે જણાવ્યું છે.

હઝરત અલી (અ.સ) પોતે એક બેમિસાલ આબિદ, મુત્તકી, રાત્રે મુનાજાત કરનાર, ખુદાના પ્રેમી અને સાચા આરીફ હતા જેમણે પોતાનું આખું જીવન પોતાના ખુદાની ચોખટ પર માથું રાખીને વિતાવ્યું હતું.

આ દુઆઓ એવી દુઆઓ છે જેમાં ઊંડી, સુંદર અને અનોખી વાતોં અને ઈસ્લામિક ઉપદેશોનો સમુદ્ર છુપાયેલો છે. આ દુઆઓ હઝરત અલી (અ.સ)ની ખૂબ જ કિંમતી યાદગીરી અને સ્મૃતિચિહ્ન છે.

આશા છે કે અલ્લાહ સર્વશક્તિમાન આપણા માટે પણ "દુઆ" અને "દુઆની સ્વીકૃતિ" ના દરવાજા ખોલશે.

જવાદ મોહદ્દીસી

કુમ, ઈરાન

દુઆરહેમતના ખજાનાની ચાવી :

ગુનેહગાર વ્યક્તિને ક્ષમા અને માફીની જરૂરત છે.

જે વ્યક્તિ શાપિત થઈને અલ્લાહના દરબારમાંથી બહાર ફેંકાઈ ગઈ હોય તે એવી પ્રેમાળ આંખો શોધતી રહે છે જેમાં તે સમાવી શકે અને જે વ્યક્તિ પોતાની જાતને કરીમ અને મહેરબાન અલ્લાહના દરબારમાં શોધે છે, તો તેની ઈચ્છા અલ્લાહથી વિનંતી કરવાની હોય છે. કે તે તેના કરમ અને રહેમતની વરસાદમાં રાહતનો શ્વાસ લઈ શકે.

દુઆ એક એવી મોહબ્બત અને દયાથી ભરેલી આગોશ[1] છે જેના દરવાજા આપણા માટે હંમેશા ખુલ્લા છે. અલ્લાહે આપણને તેની સાથે વાત કરવાની, તેને દુઆ અને રાઝો નિયાઝની પરવાનગી આપી છે, તે આપણી વાત સાંભળે છે અને આપણી દુઆને સ્વીકારે છે... આ તેની આપણા પ્રત્યેની દયા છે જે ક્યારેય સમાપ્ત થશે નહીં. આપણે આ અવસરને નેઅમત ગણવો જોઈએ અને જ્યાં સુધી આપણા માટે દુઆના દરવાજા ખુલ્લા છે ત્યાં સુધી આપણે આપણા સર્જનહાર અને આપણા માલિકથી દુઆ અને મુનાજાત કરતા રહેવું જોઈએ.

હઝરત અલી (અ.સ) ફરમાવે છેઃ

---

[1] પ્રેમાળ અને દયાળુ આલિંગન

નેક આમાલ કરતા રહો, હવે જ્યારે તમારા સારા આમાલ વધી રહ્યા છે, તે તમને લાભ આપી શકે છે. ફરીયાદ સાંભળવામાં આવી રહી છે. પરિસ્થિતિ શાંતિપૂર્ણ છે અને ફરીશતાઓ લખી રહ્યા છે. વૃદ્ધાવસ્થા તરફ વળતી ઉંમર, પગમાં સાંકળો બનવાવાળા રોગો અને મૃત્યુ જે તમને છીનવી લે તે પેહલા સારા કાર્યોમાં ઉતાવળ કરો.[(1)]

આનો અર્થ એ છે કે આપણી પાસે હંમેશા અમલ કરવાની અને તૌબા કરવાની તક નથી. બીજી બાજુ, અલ્લાહના દરબારમાં દુઆ પણ હંમેશા સ્વીકારવામાં આવતી નથી અને મૃત્યુ પછી, અમલ અને દુઆઓનો અવકાશ પણ સમાપ્ત થઈ જાય છે, ત્યારબાદ અલ્લાહ મનુષ્યની કોઈપણ ઈચ્છા અને દુઆ પર ધ્યાન આપતો નથી.

એક બીજી જગ્યાએ ઈમામ અલી (અ.સ) ફરમાવે છેઃ

અલ્લાહે તેના દરબારમાં સવાલ કેવી રીતે પૂછવા તે બતાવીને તેના ખજાના ખોલવા માટેની ચાવીઓ તમને સોંપી દેવામાં આવી છે. આ રીતે, જ્યારે પણ તમે ઈચ્છો, દુઆ દ્વારા, તેના નેઅમતના દરવાજા ખોલી શકાવ છો અને તમારા પર તેની રહેમતની વરસાદ વરસાવી શકાવ છો. જો ક્યારેય દુઆ સ્વીકારવામાં વિલંબ થાય છે, તો તેના ઉપર નિરાશ થશો નહીં.[(૨)]

જેમ કે આપણે જાણીએ છીએ કે તેના બંદાઓ ઉપર અલ્લાહનું એક મહાન કાર્ય એ છે કે તેણે તેમને તેના દરબારમાં આવવા અને દુઆ

---

[1] ખુત્બો/૨૨૭
[૨] લેટર/31

કરવાની મંજૂરી આપી છે.[1] એટલું જ નહીં, અલ્લાહે પોતે તેના બંદાઓને કહ્યું છે કે જો તેઓ મારી પાસેથી કોઈ દુઆ માંગશે, તો હું તેને સ્વીકાર કરીશઃ

મને પૂછો, હું તમારી દુઆ સ્વીકારીશ.[2]

જો લોકો ઉપર રહેમત અને મગફેરતની વરસાદ થઈ રહી છે તો આ બધું અલ્લાહના દરબારમાં દુઆ, મુનાજાત અને રાઝો નિયાઝનું પરિણામ છે. આપણી ઉપાસના આપણને તેના દરબારમાં રડવા, વિનંતી કરવા, તેનાથી રાઝો નિયાઝ કરવા અને આપણા હૃદયના ઊંડાણમાંથી આપણી જરૂરિયાતો અને હાજતો માટે દુઆ કરવા કહે છે. બીજી બાજુ, તેના "પાલનહાર" હોવાનું પરિણામ એ છે કે તે આપણા ઉપર તેના કર્મનો વરસાદ કરે અને રહીમ હોવાનો પુરાવો આપે.

આ રીતે આપણે કહી શકીએ કે દુઆ બંદા અને અલ્લાહ વચ્ચે મહાન સંબંધ બનાવે છે. આ દુઆ ખજાનાની ચાવી જેવી છે કે જે કોઈ પણ જરૂરિયાતમંદ વ્યક્તિ આ ચાવીને પકડે છે તે અલ્લાહની ક્યારેય ન સમાપ્ત થતી રહેમત અને કરમ સાથે જોડાઈ જાય છે.

તેથી દુષ્કાળ અને વરસાદથી બચવા માટે પણ અમને નમાઝ ઈસ્તિસ્કા અદા કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આપણો ઈતિહાસ આવી ઘટનાઓથી ભરેલો છે જ્યારે તેના બંદાઓ એ તેની

---

[1] દુઆએ ઇફતેતાહમાં છેઃ હે અલ્લાહ અમને તને ફરીયાદ કરવા અને તારાથી હાજતો માંગવાની છૂટ આપી છે.

[2] સૂરએ મોમિન/૬૦

પાસે રડી રડી વરસાદ માટે દુઆ અને વિનંતી કરી છે અને અલ્લાહે તેમની દુઆ કબૂલ કરી વરસાદ મોકલ્યો છે.

જો કામયાબી અને ખુશકિસ્મતી, નેક ઔલાદ,[1] અને આજીવિક, રોઝી-રોટી, તન્દુરુસ્તી અને સલામતી,[2] બરકત અને ગુનાઓથી અંતર વગેરે અમૂલ્ય ખજાનામાં ગણાય તો આ બધી બાબતોની ચાવી દુઆ છે. આ ખજાનાના દરવાજા તે વ્યક્તિ માટે આપોઆપ ખુલી જાય છે જે અલ્લાહ સમક્ષ વિનંતી કરે છે અને દુઆમાં હાથ ઉંચો કરે છે.

ઈમામ અલી (અ.સ)એ ઘણી જગ્યાએ આ હકીકત તરફ ઈશારો કર્યો છે. ઉદાહરણ તરીકે, ઈમામે તેમના પુત્ર ઈમામ હસન (અ.સ)ને જે પત્ર લખ્યો છે, તે પત્રમાં ઈમામ લખે છે:

વિશ્વાસ રાખો કે જેની કુદરતમાં[3] આસમાન અને પૃથ્વીના ખજાના છે, તેણે તમને માંગવાની પરવાનગી આપી છે અને સ્વીકારવાની જવાબદારી લીધી છે અને તમને પૂછવાનો આદેશ આપ્યો છે જેથી તે તમને આપી શકે, રહેમની ભીક માંગો કે તે રહેમ અને દયા કરે. તેણે તમને રોકવા માટે તેની અને તમારી વચ્ચે રક્ષકો (ચોકીદારો) મૂક્યા નથી, ન તો તેણે તમને કોઈને તેમની પાસે મધ્યસ્થી[4] માટે લાવવા દબાણ કર્યું છે, અને જો તમે પાપો કર્યા છે, તો તેણે તૌબા

---

[1] સફળતા અને સૌભાગ્ય, પુણ્યશાળી સંતાન

[2] , આરોગ્ય અને સુખાકારી

[3] સ્વભાવમાં

[4] સિફારીશ

કરવાનો અવકાશ[1] ખતમ કર્યો નથી, ન તો તેણે સજા કરવામાં ઉતાવળ કરી છે, ન તો તેણે તૌબા કર્યા પછી ક્યારેય તમને ટોણો માર્યો હોય (કે તમે પહેલાં આ કે તે કર્યું હતું), ન તો તેણે એવા પ્રસંગોએ તમારું અપમાન કર્યું છે જ્યાં તમારે અપમાનિત થવું જોઈએ હતું, ન તો તે તૌબા સ્વીકારવામાં તમારી સાથે કડક રહ્યો છે, ન તો તે તમારા પાપો વિશે તમારી સાથે સખત બહેસ કરે છે, ન તો તે તમને તેમની દયાથી નિરાશ કરે છે. બલ્કે, તેણે પાપથી બચવાને પણ પુણ્ય ગણાવ્યું છે અને જો એક દુષ્ટતા હોય તો તે એક (બુરાઈ) સમાન છે અને જો એક ભલાઈ હોય તો તે દસ (સત્કર્મ) સમાન છે. તેણે તૌબાનો દરવાજો ખોલ્યો છે કે જ્યારે પણ તમે તેને બોલાવો છો, ત્યારે તે તમારું સાંભળે છે, અને જ્યારે પણ તમે રાઝો નિયાઝ કરતી વખતે તેને કંઈક કહો છો, ત્યારે તે જાણે છે. તમે તેની પાસેથી મુરાદો માંગો છો અને તેને તમારા હૃદયના રહસ્યો જણાવો છો. તમે તમારા દુઃખ અને વેદનાઓ વિશે તેનેજ કહો છો અને તમને મુશ્કેલીઓમાંથી બહાર કાઢવા અને તમારા કાર્યમાં મદદ માટે વિનંતી પણ તેનેજ કરો છો.[2]

શું આ બધી બાબતો એ વાતનો પુરાવો નથી કે દુઆ એ અલ્લાહના ખજાનાની ચાવી છે?

અલ્લાહે આપણને દુઆ કરવાની રીત અને રીતભાત પણ શીખવી છે. આ તેની દયાનો બીજો સ્પષ્ટ પુરાવો છે.

---

[1] ગુંજાઈશ
[2] લેટર/૩૧

દુઆનો શોખ

જ્યારે દુઆ એ બંદા અને અલ્લાહ વચ્ચેનો પ્રેમભર્યો સંબંધ, મેહબૂબ સાથેની વાતચીત, રાઝો નિયાઝ કરવાનો એક અ ુત ક્ષણ અને મહેરબાન અલ્લાહ સમક્ષ પોતાના હૃદયની ઈચ્છાઓ વ્યક્ત કરવાનો ઉત્તમ માર્ગ છે, તો આપણે પૂરા ઉત્સાહ અને ખુશીથી દુઆ કરીએ. અલ્લાહના દરબારમાં દુઆ કરનાર વ્યક્તિએ ક્યારેય નિરાશ ન થવું જોઈએ અને ન તો તેને કોઈપણ પ્રકારની સુસ્તી અથવા થાક અનુભવવો જોઈએ કારણ કે દુઆનો સૌથી મોટો ફાયદો એ છે કે દુઆ કરનાર વ્યક્તિને એકલતામાંથી મુક્તિ મળે છે અને અલ્લાહ સાથે વાત કરવાનો મોકો મળે છે.

હઝરત અલી (અ.સ) આ વિશે ફરમાવે છે:

જ્યારે પણ તમે તેને બોલાવો છો, ત્યારે તે તમારી વાત સાંભળે છે અને જ્યારે પણ તમે રાઝો નિયાઝ કરતી વખતે તેને કંઈક કહો છો, તો તે સમજે છે.[1]

“નિદા” નો અર્થ છે મોટેથી બોલાવવું અને “નજવા” અથવા મુનાજાત એટલે હળવેથી બોલાવવું. અલ્લાહને દૂરથી કે નજીકથી બોલાવવામાં કોઈ ફરક નથી, બંને સમાન છે. જેમ તે દૂરના અવાજો

---

[1] લેટર/૩૧

સાંભળે છે તેમ તે નજીકના અવાજો પણ સાંભળે છે. તે નિદાને અને તેમજ નજવાની વાતને પણ સાંભળે છે. તેને પોતાના બંદાની દુઆઓ અને મુનાજાતો ખૂબ જ ગમે છે.

ખુદા ઈચ્છે છે કે તેને મુસીબતો અને મુશ્કેલીઓમાં જેટલું યાદ કરવામાં આવે છે તેટલું ખુશીના પ્રસંગોમાં પણ યાદ કરવામાં આવે. આ આપણી અજ્ઞાનતાને કારણે જ આપણે મુશ્કેલીના સમયે જ તેને બોલાવીએ છીએ અને ઈચ્છીએ છીએ કે આપણી દુઆ તરત જ સ્વીકારવામાં આવી જાય.

જ્યારે તેના કાન હંમેશા અમારી દુઆઓ ઉપર ધ્યાન આપે છે. આપણે જ ક્યારેક તેને દુઆ કરીએ છીએ અને ક્યારેક તેને સંપૂર્ણપણે ભૂલી જઈએ છીએ. શેતાન પણ આપણા અને અલ્લાહ વચ્ચેના સંબંધના દોરને, એટલે કે દુઆને કાપી નાખવાનો પૂરો પ્રયાસ કરે છે.

દુઆ અને મુનાજાત એટલે અલ્લાહ સાથે વાત કરવી. આ સંબંધને દરેક સમયે, દરેક જગ્યાએ અને દરેક પરિસ્થિતિમાં રાખવો જોઈએ. અલ્લાહ સાથેનો આપણો સંબંધ એક દિવસ બંધાય અને બીજા દિવસે તૂટી ન જાય. જો આ અઘરું અને મુશ્કેલી છે તો તે આપણા તરફથી છે, નહીં તો અલ્લાહ બંદાઓની દુઆ અને રાઝો નિયાઝના સંદેશ સાંભળવા દરેક ક્ષણે તૈયાર છે.

કોઈપણ વ્યક્તિ, તે જ્યાં પણ હોય, ગમે તે ભાષા બોલે, કોઈપણ અવરોધ વિના અથવા કોઈપણ લાઈનમાં ઊભા રહીને કે રાહ જોયા વિના તેના પાલનહાર, અલ્લાહ સાથે જોડાઈ શકે છે.

આપણા સર્જનહાર સાથેના આપણા સંબંધની આ સૌથી ખાસ વાત છે.

હઝરત અલી (અ.સ) આ સંબંધના વખાણ કરે છે અને ફરમાવે છે:

તેણે તમને રોકવા માટે પોતાની અને તમારી વચ્ચે ચોકીદાર રાખ્યા નથી. તેમ જ કોઈને તેની પાસે ભલામણ માટે લાવ તો જ કામ થશે મજબૂર કર્યું નથી.[1]

આનો અર્થ એ છે કે તમે કોઈપણ ભલામણ (સિફારીશ) વિના અને અગાઉની મુલાકાતનો સમય લીધા વગર તમારા પાલનહાર સાથે વાત કરી શકો છો. કબૂલ કરો કે તમે તેની સામે કંઈ નથી, તેની પ્રશંસા અને તારીફ કરો, તમારા ગુનાહોની ક્ષમા માંગી, તેની ઇબાદત કરી દુઆ કરો કે તમારી અને તેની વચ્ચે દુઆ અને મુનાજાતનો આ સંબંધ હંમેશા એવો જ બાકી રહે.

આ તે ગુણ છે જે દુઆમાં રસ વધારે છે અને વ્યક્તિ અલ્લાહ સાથે મુનાજાત કરવાની રીત પણ શીખે છે.

અલ્લાહ હિસાબ વગર આપે છે અને તે દરેકને આપે છે કે જે માંગનાર છે તે નાસ્તિક હોય કે મોમિન, આસ્તિક હોય કે તૌહીદમાં આસ્થાવાન હોય. જે તેના દરબારમાં દુઆ માટે હાથ ઉંચા કરે છે તેમને પણ તે આપે છે અને જેઓ પોતાની અજ્ઞાનતા, (જેહાલત) અભિમાન

---

[1] લેટર/૩૧

ولم يجعل بينم و بيمه من يحجبه عنک لم يلنک....

કે ઘમંડના કારણે ખુદા સાથે કોઈ લેવાદેવા નથી રાખતા તેમને પણ આપે છે એટલે કે અલ્લાહની દયા દરેક ઉપર છે.

દુઆ ફક્ત ગુનેહગાર માટે જ નથી, પરંતુ સારા અને પુણ્યશાળી લોકોએ પણ તેના દરબારમાં દુઆ માટે હાથ ઉંચા કરવા જોઈએ. તેવી જ રીતે, દુઆ ફક્ત એવા લોકો માટે જ નથી જેઓ ધર્મનિષ્ઠ, પાક અને અલ્લાહ માટે આદર ધરાવે છે, પરંતુ પાપીઓ અને પોતાની દુનિયામાં મગન લોકો માટે પણ તેની પાસેથી દુઆ મેળવવાનો અધિકાર છે. તેઓ પણ તેમના સર્જક અને માલિક સાથે વાત કરી શકે છે, તેના સાથે મુનાજાત કરી શકે છે અને તેનાથી ક્ષમા, મગફેરત અને પસ્તાવોની સ્વીકૃતિની આશા રાખી શકે છે કારણ કે અલ્લાહ દરેકનો અલ્લાહ છે, પછી તે ગુનેહગારો હોય કે નેક બંદાઓ.

### મુશ્કેલીઓ સામે કવચ

દુઆ હંમેશા એટલા માટે કરવામાં આવતી નથી કે જેથી આપણને અલ્લાહની દયા અને નેઅમત મળે, પરંતુ કેટલીકવાર અઝાબ અને મુશ્કેલીઓથી બચવા માટે પણ દુઆ કરવામાં આવે છે.

જેમ ડેમ ક્યારેક માણસો અને ખેતરો માટે પાણી એકઠું કરવા માટે અને ક્યારેક પૂરના કારણે થનારી વિનાશથી બચવા માટે બાંધવામાં આવે છે. તેવી જ રીતે, દુઆનો અર્થ પણ ક્યારેક અલ્લાહની નેઅમત અને દયાને પોતાની તરફ વાળવા માટે હોય છે, પછી ભલે તે આ દુનિયામાં હોય કે પછી આખેરતમાં અને કેટલીકવાર દુષ્ટતા અને

મુશ્કેલીઓ અથવા સજા, માંદગી, પરેશાનીઓ, અપમાન, શરમ અને અફસોસ અથવા અકળામણને દૂર કરવા તેને ટાળવા માટે દુઆ હોય છે.

દુઆના 'સીલબન્દ' હોવાના બાબતમાં હઝરત અલી (અ.સ) ફરમાવે છે:

દુઆથી મુશ્કેલીઓની લેહરો (મોજો)ને દૂર કરો.[1]

માનવ જીવનની હોડી હંમેશા મુસીબતો અને દુ:ખના મોજો ઉપર રહે છે. આમાંની કેટલીક પરેશાનીઓ માણસના પોતાના કાર્યોને કારણે થાય છે, અચાનક મૃત્યુ, રિઝ્ક અને રોઝીમાં કમી, પૈસા કે આવકની સમસ્યા, નાની ઉંમરે મૃત્યુ... આ બધું મોટાભાગે માણસના ખરાબ કાર્યો અને દુષ્કૃત્યોનું પરિણામ છે.... આવી સ્થિતિમાં દુઆ કેટલીક જૂથોને ખોલી શકે છે અને સમસ્યાઓ દૂર કરી શકે છે.

હઝરત અલી (અ.સ)એ તેમના સાથી કુમૈલને દુઆએ કુમૈલ શીખવી હતી જેમાં હઝરત અલી (અ.સ) અલ્લાહની બરગાહમાં કહે છે:

ખબર નહીં કે તુએ અમારી પાસેથી કેટલીક પીઠ તોડી નાખનાર મુશ્કેલીઓને દૂર કરી છે.

કોણે દુઆ કરવી જોઈએ? મુશ્કેલીગ્રસ્ત વ્યક્તિને કે નચિંત અને વૈભવી વ્યક્તિને? ફકીર કે અમીરને? સ્વસ્થ કે બીમારને?

એવું નથી કે દુઆ અને મુનાજાત માત્ર પરેશાન લોકો, પીડિત લોકો અને ભિખારીઓ દ્વારા કરવાની વસ્તુ છે બલકે દરેક માનવી દરેક પરિસ્થિતિમાં મુસીબતો અને પરેશાનીઓના પ્રભાવ હેઠળ હોય છે અને

---

[1] હિકમત/૧૪૬

وادفعوا امواج البلاء بالدعاء

તેની કોઈ ગેરંટી નથી કે તે હંમેશા આરામદાયક જગ્યાએ રહેશે કે તે નેઅમતોથી માલામાલ જીવન જીવશે અને ગરીબી અથવા સમસ્યાઓ તેના હિસ્સામાં ક્યારેય આવશે નહીં. એટલા માટે દરેક વ્યક્તિએ દુઆ કરવી જોઈએ, પછી ભલે તે સુખી જીવન જીવતો હોય કે પછી મુશ્કેલીઓથી ભરેલો જીવન.

હઝરત અલી (અ.સ) ફરમાવે છેઃ

જે વ્યક્તિ આરામ અને શાંતિમાં છે તેને દુઆની જરૂર તે વ્યક્તિ કરતા ઓછી નથી જે સખતીઓ અને મુશ્કેલીઓથી ઘેરાયેલી હોય છે કારણ કે તે ક્યારેય જાણતો નથી કે મુશ્કેલી ક્યારે આવી શકે છે.[1]

એટલે કે, એવું નથી કે માત્ર મુસીબતો અને આફતોમાં ફસાયેલા લોકોને જ દુઆની જરૂર હોય છે, પરંતુ જે લોકો આરામદાયક જીવન જીવે છે તેઓને પણ દુઆની જરૂર છે કારણ કે તેઓ આફતોના હુમલાથી સંપૂર્ણપણે સુરક્ષિત નથી. તેમનું સ્વાસ્થ્ય અને સુખાકારી, સંપત્તિ અને સરળતા હંમેશા જોખમમાં હોય છે. પયગંબર ઈસ્લામના સમયમાં પણ કાફિરોને હંમેશા પોતાની સંપત્તિ ઉપર ગર્વ હતો અને તેઓ વિચારતા હતા કે પરિસ્થિતિ હંમેશા આવી જ રહેશે, પરંતુ કુરાન હંમેશા તેમને ચેતવણી આપતું હતું કે શક્ય છે કે આ નેઅમતો તમારી પાસેથી છીનવી લેવામાં આવે, પછી આ નેઅમતો તમને કોણ આપશે?

---

[1] હિકમત/30૨

ما المبتلى الذى قد اشتد به البلاء باحوج....

સૂરએ મુલક, આયત, ૧૬, ૧૭ અને ૨૦ ઉપર ધ્યાન આપો.

આફતો, મુસીબતો, આકસ્મિક અકસ્માતો, ધરતીકંપ, પૂર અને અલ્લાહની સજાથી પોતાને સુરક્ષિત સમજવું એ માણસની ગેરસમજ અને અજ્ઞાનતાની નિશાની છે. મુસીબતો અને મુસીબતોથી બચવા માટે આલ્લહથી દુઆ કરવી એ લોકોનું કામ છે જેઓ મુસીબતો અને પરેશાનીઓને ઓળખે છે અને એ પણ જાણે છે કે દુઆ જ એક માત્ર ઢાલ છે જેના વડે આ અચાનક આવતા હુમલાઓથી બચી શકાય છે. આવા લોકો પણ જાણે છે કે મુસીબતો અને બલાઓનો સામનો અલ્લાહની કુદરત દ્વારા જ થઈ શકે છે. તેથી જ તે દરેક પરિસ્થિતિમાં દુઆ અને મુનાજાત કરે છે અને અલ્લાહ અથવા તેના ઝીક્રને ક્યારેય ભૂલતો નથી.

હઝરત અલી (અ.સ) ઈમામ હસન (અ.સ)ને ખતમાં લખે છે:

તમે તમારા દુ:ખ અને વેદનાઓ વિશે તેની સામે રડો છો, તેને તમને મુશ્કેલીઓમાંથી બહાર કાઢવા અને તમારા કાર્યમાં મદદ માટે વિનંતી કરો છો.1

અલ્લાહથી ડરો અને જે તમારી ફરિયાદોનું નિરાકરણ નથી કરી શકતી તેની સામે તમારી ફરિયાદો લઈને બેસી ન જાવ.2

હઝરત અલી (અ.સ) આને પણ ખુદાની દયા અને રહેમતની નિશાનીઓમાંથી એક માને છે કે એક મોમિન પોતાની હાજતો અને

---

1 લેટર/૩૧

شکوت الیہ هومک و استکشفتہ کروبک و استعنتہ علی.....

2 ખુત્બો/૧૦૩

فَاللَّهَ اللَّهَ أَنْ تَشْكُوا إِلَى مَنْ لَا يُشْكِي شَجْوَكُمْ

જરૂરિયાતો ખુદા સમક્ષ મૂકે છે અને પોતાની સમસ્યાઓનું નિરાકરણ ફક્ત તેની પાસેથી જ માંગે છે અને બીજા બધાથી ફરિયાદ કરતો ફરતો નથી. તેને જે કંઈ કહેવું હોય તે અલ્લાહને જ કહે, જો તેને કોઈ ફરિયાદ હોય તો તે અલ્લાહની સામે જ વ્યક્ત કરે અને તેની પાસેથી જ સમસ્યાઓ દૂર કરવા માટે દુઆ કરે.

જે વ્યક્તિ સવાર-સાંજ દિવસ-રાત દુઆ કરે છે, તે અલ્લાહના સ્મરણ (ઝિક્ર) દ્વારા તેના થાક અને નિરાશાના પાનખરને વસંત અને આનંદમાં પરિવર્તિત કરે છે. દુઆની ખુશ્બૂથી રૂહ અને દિલની ફિઝા (વાતાવરણ)ને બદલી નાખે છે. જેની અસર એ છે કે આફતો અને બલાઓના હુમલાઓ સામે તેના કપાળે બિલ પણ નથી આવતું કેમકે

મુશ્કેલીઓનું નિરાકરણ કરનાર અલ્લાહની રેહમત હંમેશા તેના માથા ઉપર રહે છે. જ્યારે પણ તેની ઉપર આફતો અને મુશ્કેલીઓ હુમલો કરે છે, તો તે દુઆની ઢાલ વડે પોતાનું રક્ષણ કરે છે.

દુઆ અને કબૂલિયત

અલ્લાહે વચન આપ્યું છે કે મને બોલાવો અને દુઆ કરો, હું તમારી દુઆઓ સ્વીકારીશ.

પરંતુ આનો અર્થ એ નથી કે જે પણ ઈચ્છા કે ખ્વાહિશ આપણા હ્રદયમાં આવે છે અથવા આપણને જે કંઈ પણ જરૂર હોય છે, જો આપણે દુઆના નામે તે અલ્લાહ પાસેથી માંગીએ તો તે ચોક્કસપણે પૂર્ણ થાય. કેટલીકવાર અલ્લાહના કાર્યો આપણા માટે દુઆ કરનારની દુઆ કરતાં એટલા મહાન હોય છે કે આપણે તેને સમજી પણ શકતા

નથી. ક્યારેક એવું પણ બને છે કે વ્યક્તિ જે દુઆ માંગે છે તે પૂરી થઈ જાય તો આપોઆપ તેનું નુકસાન થઈ જાય છે. કેટલીકવાર આપણે જે સમય દુઆ કરીએ છીએ તે સમય ગુજરી ગયા પછી તે પૂર્ણ થાય છે. કેટલીકવાર આપણી દુઆ પૂરી થાય છે અને અલ્લાહ આપણને આપણી ઈચ્છાઓ અને આરજુઓ કરતા ઘણું વધારે આપે છે, કેટલીકવાર દુઆ એવી રીતે સ્વીકારવામાં આવે છે કે બદલામાં કોઈ મુશ્કેલી અથવા મુસીબત દૂર થઈ જાય છે અને એવા ઘણા કારણોસર દુઆ સ્વીકારવામાં આવતી નથી જે આપણી પાસે છે. જે વિશે પછીથી વાત કરીશું.

પરંતુ ખુદ અલ્લાહ તરફથી દુઆ કરવાની તોફીક મેળવવી એ એક રીતે બંદાઓ માટે ઈચ્છાઓ અને દુઆઓનો જવાબ છે. બીજા શબ્દોમાં કહીએ તો, જ્યારે અલ્લાહ દ્વારા બોલાવવામાં આવે ત્યારે બંદા માટે દુઆ કરવી એ 'લબ્બેક' છે. તેનો કરમ છે કે તેણે આપણને વિવિધ રીતે તેના દરબારમાં હાજર થવાનું મોકો આપીચું છે દુઆની તૌફીક એટલે તેની પરોપકારી નજર મારી તરફ જોઈ રહી છે.

હઝરત અલી (અ.સ) ફરમાવે છેઃ

અલ્લાહના આજ્ઞાકારી અને ઇતાઅત ગુજાર બનો. તેના ઝિક્રથી માનુસ થાવ. આ પરિસ્થિતિ વિશે જરા વિચારો કે તે તમારી તરફ આગળ વધી રહ્યો છે અને તમે તમારુ મોઢું ફેરવી રાખ્યું છે. તે તમને માફ કરવા

માટે પોતાની તરફ બોલાવી રહ્યો છે અને તમને તેની કૃપાથી ઢાંકવા માંગે છે પરંતુ તમે તેનાથી દૂર ભાગી રહ્યા છો.[1]

શું દુઆ કબૂલ થવાના આ બધા ચિહ્નો (સંકેતો) નથી?

હઝરત અલી (અ.સ)એ એક બીજી જગ્યાએ ફરમાવ્યું છે:

જેને ચાર વસ્તુઓ મળી છે, તે બીજી ચાર વસ્તુઓથી વંચિત નથી થતો:

જે દુઆ કરે છે તે સ્વીકારથી વંચિત નથી.

જેની પાસે તૌબાની તૌફીક છે તે સ્વીકારવામાં આશા ગુમાવતો નથી.

જેને ઈસ્તિગફાર નસીબ થાય છે તે ક્ષમાથી વંચિત નથી.

જે શુક્ર કરે છે તે વધારાથી વંચિત નથી.[2]

એક બીજી જગ્યાએ ઈમામે કહ્યું:

એવું નથી કે અલ્લાહ કોઈ બંદા માટે શુક્રના દરવાજા ખોલી દે અને નેઅમતોમાં વૃદ્ધિના દરવાજા બંધ કરી દે. કોઇ વ્યક્તિ માટે દુઆના દરવાજા ખોલે અને તેના માટે સ્વીકારના દરવાજા બંધ રાખે.[3]

આનો મતલબ છે કે દુઆ અને તેને સ્વીકારવામાં,

---

[1] ખુત્બો/૨૨૦
وَ كُنْ لِلَّهِ مُطِيعاً وَ بذكْرِهِ آنِساً.

[2] હિકમત/૧૩૫
مَنْ أُعْطِيَ الدُّعَاءَ لَمْ يُحْرَمِ الْإِجَابَةَ...

[3] હિકમત/૪૩૫
وما كان الله ليفتح على عبد باب الشكر

અને શુક્ર અને નેઅમતોની વૃદ્ધિ વચ્ચે ખૂબ જ ગાઢ સંબંધ છે. આ ખુદાનું મક્કમ વચન છે જે હઝરત અલી (અ.સ) પણ કહી રહ્યા છે. અલ્લાહનું આ વચન તેમના સિદ્ધાંતોમાંનું એક છે જે ક્યારેય તૂટતું નથી.

પરંતુ જો દુઆ ક્યારેય અલ્લાહના દરબારમાં ન પહોંચે અથવા સ્વીકારવામાં ન આવે, તો તેનું કારણ એ હોઈ શકે છે કે જે દુઆ કરવામાં આવી રહી છે તેની શરત પૂરી નથી અથવા તે દુઆની પરિપૂર્ણતા બંદા અથવા વ્યક્તિના નુકસાનનું કારણ છે અથવા દુઆ સ્વીકારવા માટે હજી મોકો આવ્યો નથી અથવા બીજું કોઈ કારણ હોઈ શકે છે જે આપણે જાણતા નથી.

દુઆ ગમે તે હોય, તેની પરિપૂર્ણતા માટે કેટલીક શરતો હોવી જોઈએ અને જ્યાં સુધી તે શરતો પૂરી ન થાય ત્યાં સુધી દુઆ પૂર્ણ થશે નહીં. આ વિશે આપણે આવતા પ્રકરણમાં વાત કરીશું.

દુઆની રીતભાત અને શરતો

દીનના બીજા અહકામ અને ઈબાદતની જેમ, દુઆના પણ અમુક નિયમો અને શરતો છે અને જ્યાં સુધી દુઆના આ શિષ્ટાચાર[1] અને શરતોને ધ્યાનમાં રાખવામાં ન આવે ત્યાં સુધી દુઆની પરિપૂર્ણતાની કોઈ ગેરંટી નથી.

---

[1] અદબો

જો કોઈ દુઆ માંગનાર વ્યક્તિ આ શિષ્ટાચાર અને શરતોને ધ્યાનમાં રાખીને દુઆ કરે છે, તો તે સાબિત કરે છે કે તે પોતાની સ્થિતિ અને હેસીયતથી વાકેફ અને જેની સામે તે હાથ લંબાવીને ઉભો છે તેની અઝમત અને હાલતને પણ ઓળખે છે.

આવો! હવે દુઆના કેટલાક મહત્વપૂર્ણ અદબો જાણી લઈએઃ

ખુલુસ

દુઆની શરતોમાં આ એક ખૂબ જ ખાસ શરત છે, જેનો અર્થ થાય છે કે માત્ર અલ્લાહને બોલાવો અને તેની પાસે દુઆ કરો, માત્ર તેની પાસેથી જ અપેક્ષા રાખો, ઢોંગ અને દેખાવથી દૂર રહો, તેને દિલથી યાદ કરો, દુઆ પૂરી થાય કે ન થાય માત્ર અલ્લાહ સાથે જોડીને રાખો.

હઝરત અલી (અ.સ)એ ફરમાવ્યું છેઃ

તમારા પરવરદિગારથી માંગો કારણ કે આપવું કે ન આપવું એ તેની કુદરતમાં જ છે.[1]

કેટલાક લોકો એવા છે જે અલ્લાહથી માંગે છે પરંતુ તેમની આશાઓ કોઈ બીજી જગ્યાએ, કોઈ અન્ય વ્યક્તિત્વ અથવા અન્ય કોઈ વસ્તુ પર હોય છે. અલ્લાહે દરેક વસ્તુનું સર્જન કર્યું છે અને બધું તેના હાથમાં છે. તેથી, દુઆ દરમિયાન, વ્યક્તિની સ્થિતિ અને હાલત એવી હોવી જોઈએ કે દિલ બાકીની બધી બાબતોથી અલગ થઈ જાય અને ફક્ત તેના પાલનહાર ઉપર ધ્યાન કેન્દ્રિત કરે. બીજા શબ્દોમાં કહીએ તો, તેની હાલત કશ્તીમાં બેઠેલા લોકો જેવી હોવી જોઈએ જેમની

[1] લેટર/૩૧
واخلص فی مالة لربک فان بیده العطاء والحرمان

કશ્તી[1] તોફાની મોજાથી અથડાઈ ગઈ હોય અને તેમને મદદ કરવાવાળું કોઈ ન હોય. જો તેમને બચાવવા માટે કોઈ હોય તો માત્ર અલ્લાહ. જો સ્થિતિ આવી હોય તો આ દુઆની વાસ્તવિક સ્થિતિ છે. પવિત્ર કુરાને આ પ્રકારની દુઆને "ખાલિસ દુઆ"[2] તરીકે ઓળખાવી છે પરંતુ ફરિયાદ પણ કરી છે કે જ્યારે તેઓ સુરક્ષિત રીતે કિનારે પહોંચે છે, ત્યારે તેઓ તેમને બચાવનાર અલ્લાહને ભૂલી જાય છે અને શિર્ક કરવાનું શરૂ કરી દે છે.[3]

જો કોઈ વ્યક્તિ સારું અને આરામદાયક જીવન જીવી રહ્યો હોય તો પણ તેણે દુઃખી વ્યક્તિની જેમ દિલની ગેહરાઈ અને ખુલુસ સાથે દુઆ કરવી જોઈએ કારણ કે શક્ય છે કે કોઈ સમયે તે પણ કોઈ મુશ્કેલી કે સમસ્યાથી ઘેરાઈ જાય.

### અલ્લાહની તારીફ અને હમ્દ કરો

દુઆની બીજી શરત એ છે કે દુઆની શરૂઆત ખુદાની તારીફ, તેની હમ્દ અને મોહમ્મદ અને આલે મોહમ્મદ ઉપર સલવાતથી થવી જોઈએ. દુઆની શરૂઆતમાં અલ્લાહની નેઅમતોનો ઉલ્લેખ કરવો, તેની તારીફ કરવી અને પ્રોફેટ ઉપર સલવાત મોકલવા એ આપણી દુઆના સ્વીકારવાનું શ્રેષ્ઠ માધ્યમ છે. અલ્લાહ અને ફરિશ્તાઓ પણ આપણા પ્રોફેટ ઉપર સલવાત અને સલામ મોકલે છે. અલ્લાહે

---

[1] હોડી
[2] શુદ્ધ દુઆ
[3] સુરએ અન્કબુત/૬૫

ઈમાનવાળાઓને પણ પયગંબર ઉપર સલવાત અને સલામ મોકલવાનો આદેશ આપ્યો છે.1

રસુલે અકરમ ઉપર દુરુદ મોકલવા એ એક દુઆ છે જે આપોઆપ સ્વીકારવામાં આવે છે કારણ કે અલ્લાહ પણ તેના રસુલ ઉપર સલવાત મોકલે છે, તેથી આ દુઆ સાથે અમારી દુઆ પણ સ્વીકારવામાં આવે છે.

હઝરત અલી (અ.સ) ફરમાવે છેઃ

જ્યારે તમે અલ્લાહ તઆલા પાસેથી કંઈક માંગો, તો પહેલા તેના રસુલ ઉપર દુરૂદ મોકલો, પછી તમારી જરૂરિયાતો અને હજતો માંગો કારણ કે આ અલ્લાહથી દૂર છે કે તમે તેની પાસે બે જરૂરિયાતો માંગો પરંતુ તે એક પૂરી કરે અને બીજી કબુલ ન કરે.2

આ રીતે, એવું કહી શકાય કે અલ્લાહ સાથે સંબંધ સ્થાપિત કરવાની શરત એ છે કે પહેલા તેની તારીફ અને પ્રશંસા કરવી અને પછી મોહમ્મદ અને આલે મોહમ્મદ ઉપર સલવાત મોકલવી. જો આપણને અહલેબૈતની મારેફત અને તેમના પ્રત્યે આપણો પ્રેમ હોય તો આલે મોહમ્મદ આપણને સાચો રસ્તો બતાવે છે અને પછી તે માર્ગ ઉપર ચાલીને આપણે ખુદા સાથે સંબંધ સ્થાપિત કરીએ છીએ.

અમલ અને પ્રયાસ

---

[1] સુરએ અહઝાબ/૫૬

[2] હિકમત/૩૬૧

اذا کانا لک الی الله سبحانه حاجةفابدا بمسألة...

દુઆ સ્વીકારવાની બીજી શરત, પોતાના મુકામ[1] સુધી પહોંચવાના પ્રયત્નો કરવા છે. માણસને તેના લક્ષ્ય સુધી પહોંચવા અને અવરોધો, મુસીબતો કે દુશ્મનો સામે લડવા માટે સતત પ્રયત્ન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે અને તેની સાથે તેને દુઆ કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. દુઆ ક્યારેય પ્રયત્નોનું સ્થાન લઈ શકતી નથી, અને ન તો અલ્લાહનો કાયદો છે કે માણસ દુઆ અને મુનાજાત દ્વારા તેની બધી સમસ્યાઓ હલ કરે. માત્ર દુઆ કરવાથી વ્યક્તિ સફળતા મેળવી શકતો નથી. જો તે પોતાની રીતે પ્રયાસ કરે તો પણ આ પ્રયાસ તેની દુઆ માટે ચોક્કસપણે મદદરૂપ થશે, જેમ કે કોઈ બીમાર વ્યક્તિની સારવાર માટે ડૉક્ટર પાસે જવું, અથવા પૈસા કમાવવા માટે સખત મહેનત કરવી, ભણવા માટે શાળા-કોલેજમાં જવું, શત્રુને કારમી હાર આપવા માટે યુદ્ધના મેદાનમાં જવું વગેરે જ્યારે કોઈ શખ્સ આમાંથી કોઈ પણ કામ કરતો હોય ત્યારે તે કામની સાથે તેને અલ્લાહ પાસેથી શેફા, ભરણપોષણ (રિઝ્ક), જ્ઞાન અને વિજય અથવા સફળતા માટે દુઆ પણ કરવી જોઈએ.

હઝરત અલી (અ.સ) કોશિશ અને પ્રયાસ વગર દુઆ કરવાને ધનુષ્ય વિના તીર મારવાથી યાદ ફરમાવે છે, જેનો કોઈ ફાયદો નથીઃ

જે કોઈપણ કર્યા વિના દુઆ કરે છે તે ધનુષ્ય વિના તીર મારનાર જેવો છે.[2]

---

[1] મકસદ

[2] હિકમત/૩૩૭

الداعی بلا عمل کالرامی بلا وتر

સામાન્ય રીતે એવું કહેવાય છે કે “હરકતમાં બરકત છે”. આનો અર્થ પણ એજ થાય છે જે હઝરત અલી (અ.સ)ની ઉપરની હદીસ કહી રહી છે.

ઉદાહરણ તરીકે, જો કોઈ વ્યક્તિ સ્પર્ધાની[1] તૈયારી કરી રહ્યું હોય, તો તેણે સ્પર્ધાની ગમે તેટલી તૈયારી કરી હોય પરંતુ તેની સાથે તેણે અલ્લાહથી દુઆ પણ કરવી જોઈએ. અને જો તે કોઈ પણ જાતના શિક્ષણ, મેહનત કે પરિશ્રમ વિના દુઆના સહારે તેની સ્પર્ધામાં સફળ થવા માંગતો હોય તો તેની ઈચ્છા નકામી અને ખોટી બંને છે. અને જો તે માત્ર પોતાના શિક્ષણ અને મહેનત ઉપર આધાર અને ભરોસો રાખીને ગર્વ અનુભવે છે અને માને છે કે સફળતા તેનું ભાગ્ય છે ,તો આ પણ યોગ્ય નથી કારણ કે તે નિષ્ફળ થઈ શકે છે. કેમ કે બીજા ઘણા પરિબળો છે જે આપણે જાણતા નથી અને જેના કારણે આપણી તોફીક ચાલી જાય છે અથવા આપણે નિષ્ફળ જઈએ છીએ.

તક્વા

દુઆની કબુલીયત માટે તક્વા પણ એક મોટું ફેક્ટર છે. ગુનેહગાર અને બેદરકાર વ્યક્તિની સરખામણીમાં જે વ્યક્તિ અલ્લાહનો ડર રાખે છે અને પોતાની જવાબદારીઓને પૂર્ણ કરે છે તેની દુઆ સ્વીકારવાની શક્યતાઓ વધારે હોય છે.

[1] કમ્પ્ટીશન

હઝરત અલી (અ.સ)એ મોહમ્મદ બિન અબી બકરને જે પત્ર લખ્યો હતો, તેમાં પરહેઝગારો અને તકવા વાળાઓના કેટલાક વખાણ પણ લખ્યા છે:

ન તો તેમનો અવાજ નકારવામાં આવશે, ન તો તેમના નસીબમાં ઘટાડો થશે.[1]

જે વ્યક્તિએ આખી જીંદગી અલ્લાહની વાતો સાંભળી છે અને તેમની આજ્ઞાઓનું પાલન કર્યું છે, જ્યારે તે અલ્લાહ પાસે કંઈક માંગે છે, ત્યારે અલ્લાહ પણ તેની ઈચ્છા રદ કરતો નથી. તેથી જ મુત્તકી અને પરહેઝગાર લોકોની દુઆ કબૂલ થાય છે, એટલે કે તક્વા એ દુઆ કબૂલ થવાની શરત છે.

### સ્થળ અને સમય

દુઆના સ્વીકારમાં સ્થળ અને સમય પણ મોટી ભૂમિકા ભજવે છે. ક્યાં, કઈ જગ્યાએ અને કયા સમયે દુઆ કરવામાં આવી રહી છે તે જોવું પણ જરૂરી છે. અમુક ખાસ જગ્યાઓ અને અમુક ખાસ સમય કે દિવસો એવા હોય છે કે જો તેમાં દુઆ કરવામાં આવે તો દુઆ પૂરી થવાની શક્યતા વધી જાય છે, જેમ કે શુક્રવાર, શબે જુમ્મા, શબે કદર, શબે મેરાજ, વરસાદના સમયે. , અઝાનના સમયે, ઈમામ હુસૈનનું હરમ, મેદાને અરફાત, કાબા પાસે વગેરે.

---

[1] લેટર/૨૭
لا تردلهم دعوة ولا ينقص لهم نصيب من لذة

બેહતર છે આ સ્થળોએ અને આ સમયે દુઆ કરે જેથી સ્વીકારની આશા વધે.

નોફ બકાલી હઝરત અલી (અ.સ)નો ખાસ સાથી હતો. એક રાત્રે તેણે જોયું કે હઝરત અલી (અ.સ) પોતાની પથારી છોડીને આકાશમાં તારાઓ તરફ જોયા અને અલ્લાહને દુઆ અને મુનાજાત કરવા લાગ્યા. તે પછી, વ્યક્તિના જીવનમાં દુઆ અને મુનાજાતનું મહત્વ વર્ણવતા ફરમાવ્યુંઃ

ઓ નોફ! અલ્લાહના પયગંબર દાઉદ રાતના આ ભાગમાં જાગીને દુઆ કરતા હતા. આ તે જ સમય છે જેમાં જો કોઈ વ્યક્તિ અલ્લાહને પુકારે છે અને દુઆ કરે છે, તો તેની દુઆ સ્વીકારવામાં આવે છે.1

હઝરત અલી (અ.સ)ના મતે, વહેલી સવારે અને રાતના મૌનમાં દુઆ ઝડપથી કબૂલ થઈ જાય છે, પરંતુ ઈમામે કેટલાક લોકોને અલગ પણ કરી દીધા છે જેમની દુઆ કબૂલ કરવામાં આવતી નથી જેમ કે જેઓ અન્ય લોકોને દુઃખ અને તકલીફ પહોંચાડે છે અને જેઓ ખુદાના બીજા બંદાઓ ઉપર જુલમ કરે છે અથવા તેઓ જે પાપો અને દુષ્ટતામાં ડૂબેલા છે.

ધ્યાનમાં રાખો કે દુઆ સ્વીકારવામાં સ્થળ અને સમય ચોક્કસપણે મદદરૂપ થાય છે, પરંતુ આ ત્યારે જ થાય છે જ્યારે અન્ય કોઈ ફેક્ટર માર્ગમાં રુકાવટ ન બને.

---

1 હિકમત/૧૦૪
انها ساعةلايدعو فيها عبد الا استجيب له

## વારંવાર દુઆ કરવી

વારંવાર દુઆ કરવી એ પણ દુઆની શરતોમાંથી એક છે. સુખનો સમય હોય કે દુઃખનો, મુશ્કેલીનો કે રાહતનો, ગરીબીનો કે ધનનો, સ્વાસ્થ્યનો કે માંદગીનો, દરેક પરિસ્થિતિમાં દુઆ કરતા રહેવું જોઈએ. હંમેશા બન્દગીનો એહસાસ, દુઆ કરવું, હંમેશા અલ્લાહનું સ્મરણ કરવું અને તેની પાસેથી મદદ લેવી એ પણ દુઆના આદાબ અને શરતોમાં છે.

હઝરત અલી (અ.સ) આ વિશે ફરમાવે છે કે તે લોકોમાંથી ન થઈ જાવ અથવા એવા ન બનો જે મુશ્કેલીમાં પડે છે તો રડી રડી ને આજેઝી સાથે દુઆ કરે છે અને જો રાહત અને આરામમાં રહેતા હોય છે તો ગર્વ અને ઘમંડ સાથે અલ્લાહ થી મોઢું ફેરવી લે છે.

## અલ્લાહની મઅરેફત

દુઆની એક શરત આ પણ છે, જેની ચર્ચા અગાઉ પણ થઈ ચૂકી છે કે અલ્લાહ પાસેથી દુઆ માંગતા પહેલા અલ્લાહની હમ્દ અને સ્તુતિ કરવી જોઈએ કારણ કે આમ કરવાથી અલ્લાહની અઝમત, કુદરત અને તેના નેઅમતો વિશે માણસની બુદ્ધિ અને જ્ઞાન વધે છે. અલ્લાહ વ્યક્તિની મારેફત અને નિયત અનુસાર આપે છેઃ

કારણ કે જે પણ આપવામાં આવે છે તે માંગનારના નિયત મુજબ આપવામાં આવે છે.[1]

જો આપણે ઈમામોના જીવન ઉપર નજર કરીએ તો આપણને ત્યાં પણ કંઈક આવું જ જોવા મળે છે. ઈમામો તરફથી જે દુઆઓ આપણા સુધી પહોંચી છે તેમાં આપણે જોઈએ છીએ કે આપણા ઈમામોએ પહેલા ખુદાની તારીફ અને સ્તુતિ કરી છે, પછી ખુદાના અસ્માએ હુસ્ના, તેની કુદરત અને રહમતની કસમ ખાધી છે અને પછી તેના ગુણોનો ઉલ્લેખ કર્યો છે.

નહજુલ બલાગામાં હઝરત અલી (અ.સ)ની કેટલીક દુઆઓ આ રીતે લખેલી છે:

હું અલ્લાહને તેની હર તરફ ફેલાયેલી રહમત અને દરેક જરૂરિયાત પૂરી કરવાની ક્ષમતાનો વાસ્તો આપી દુઆ કરું છું તે મને અને તમને એવી તોફીક આપે જેમા તેની રઝામન્દી અને ખુશીનો સમાવેશ હોય.[2]

આ રીતે દુઆ શરૂ કરવી અને દુઆની પરિસ્થિતિ ઊભી કરવી એ દુઆ અને જરૂરિયાતો મેળવવા માટે ખૂબ અસરકારક છે. તેનાથી

---

[1] લેટર/૩૧
فان العطيه على قدر النية

[2] લેટર/૫૩
و انا اسأل الله بسعة رحمته و عظيم قدرته....

દુઆ કરનાર વ્યક્તિના હૃદયમાં પણ આશા અને શાંતિ ઉત્પન્ન થાય છે કે તેની દુઆ સ્વીકારવામાં આવશે.

તૂટેલું દિલ

તૂટેલું હૃદય, ખુઝુ અને ખુશુ, લાચારી અને પસ્તાવો કે શર્મિંદગીએ પણ દુઆ કબૂલ થવામાં ખૂબ જ ઊંડી ભૂમિકા ભજવી છે ઈમામ અલી (અ.સ)એ તેમના સહાબી માલિકે અશ્તારને જે પત્ર લખ્યો છે, જ્યાં તેમણે તેમને અન્ય લોકો ઉપર ઝુલ્મ કરતા અટકાવ્યા છે, ત્યાં એ પણ કહ્યું છે કે ખુદાના બંદાઓ ઉપર ઝુલ્મ કરવાથી બચો કારણ કે ખુદા જ તેમનો ટેકો છે અને તે જ તેમનો મદદગાર છે. આ ઝુલ્મ સિવાય બીજું કંઈ નથી કે જેનાથી અલ્લાહની નેઅમતો છીનવાઈ જાય અને અલ્લાહના અઝાબમાં ઉતાવળ આવે છે, કારણ કે કેટલીકવાર અલ્લાહ ફક્ત મઝલૂમની એક બદદુઆ અથવા તેમના હૃદયમાંથી માત્ર એક નિસાસો હોય કે આંસુ, તૂટેલા હૃદયમાંથી નીકળતી દુઆને અલ્લાહ તરત જ સાંભળે છે.

તેથી, આપણે પહેલા દુઆના અદબો અને તેની શરતોને સમજવી જોઈએ, પછી દુઆ કરવી જોઈએ અને પછી આશા રાખવી જોઈએ કે દુઆ સ્વીકારવામાં આવશે.

અલ્લાહે આપણને ફક્ત એક જ હૃદય આપ્યું છે. તેથી, આ એક હૃદયમાં એક જ અલ્લાહ હોવો જોઈએ, સેંકડો ખુદા નહીં. અલ્લાહને ખુલ્લેઆમ બોલાવો અને તેની પાસે દુઆ કરો, પછી તમારી દુઆ સ્વીકારવામાં ન આવે તો પણ તેની પાસે ફરિયાદ કરો.

### દુઆ મોડેથી સ્વીકારવાના કારણો

કેટલીકવાર દુઆ કાં તો પૂરી થતી નથી અથવા વિલંબ થાય છે. દુઆ શા માટે સંપૂર્ણપણે સ્વીકારવામાં આવતી નથી અથવા મોડેથી સ્વીકારવામાં આવે છે તે બધા કારણો આપણે સમજી શકતા નથી. બીજી બાજુ, આપણને અલ્લાહની રહમત અને કરમમાં પણ વિશ્વાસ છે, પરંતુ ધ્યાનમાં રાખો કે આપણા પોતાના જીવન, આપણા કાર્યો અને આપણા વિચારો પણ આપણી દુઆ સ્વીકારવામાં આવે કે નહીં તેના ઉપર અસરકરક છે. કેટલાક પાપો દુઆઓ ને ઢાંકી દે છે અને તેને સ્વીકારવામાં રોકે છે. જેમ કે હઝરત અલી (અ.સ)એ દુઆએ કુમૈલમાં ફરમાવ્યું છેઃ

હે અલ્લાહ! મારા તે ગુનાઓને માફ કર જે મારી દુઆઓને બાંધે છે.

કેટલીકવાર દુઆઓ પૂર્ણ થાય છે પરંતુ વિલંબ સાથે. કેટલીકવાર તે પૂરી થતી નથી કારણ કે દુઆ કરનાર વ્યક્તિની અંદર, અથવા તેના સમાજમાં, તેના પરિવારમાં, તેના ખાનપાનમાં અથવા તેના મિત્રો વગેરેમાં ખામીઓ હોય છે, જેના કારણે દુઆ સ્વીકારવામાં આવતી નથી.

જો દુઆ કરતી વખતે આપણે આપણી જાતને અલ્લાહ સાથે જોડી ન શકીએ, તો આપણે જોવું જોઈએ કે કયું પાપ અને કઈ ભૂલ છે જેના કારણે આપણે આપણી જાતને અલ્લાહ સાથે જોડી શકતા નથી. કેટલીકવાર, હૃદયની કઠિનતા, હરામ ખાન પાન, ખરાબ સાથીદાર અને આપણી આસપાસના ખરાબ લોકો પણ અલ્લાહ સાથેનો આપણો

સંબંધ તોડી નાખે છે અને આપણે અલ્લાહ સાથે જોડાઈ શકતા નથી, જે આપણી દુઆના સ્વીકારમાં અવરોધો બનાવે છે.

હઝરત અલી (અ.સ) માને છે કે દુઆ ચોક્કસપણે પૂરી થાય છે કારણ કે અલ્લાહનું વચન ક્યારેય ભંગ થવાનું નથી. હઝરત અલી (અ.સ) દુઆમાં વિલંબ થવાના કારણો અને પરિબળો નીચે મુજબ સમજાવે છે:

હા. જો તમારી દુઆ સ્વીકારવામાં ક્યારેય વિલંબ થાય છે, તો નિરાશ ન થાઓ કારણ કે નેઅમત નીયત મુજબ આપવામાં આવે છે. ઘણીવાર સ્વીકારમાં વિલંબ થાય છે જેથી માંગનાર ના માટે અજ્ર વધી શકે અને જે આશા રાખે છે તેના કરતા વધારે મેળવી શકે. ક્યારેક એવું પણ બને છે કે તમે કોઈ વસ્તુ માંગો છો અને તમને તે મળતી નથી, પરંતુ તમને આ દુનિયામાં કે આખેરતમાં તેના કરતા વધુ સારી વસ્તુ મળે છે અથવા તમારા સારા ફાયદાના કારણે તે વસ્તુ તમને આપવામાં આવતી નથી કારણ કે તમે ક્યારેય આવી વસ્તુઓ પણ માંગો છો કે જો તે તમને આપવામાં આવે તો તમારું ઈમાન નાશ પામી જાય.[1]

અલ્લાહ એટલો દયાળુ અને મહેરબાન છે કે તે તેના બંદાના કલ્યાણ અને ફાયદાને તેના કરતાં વધુ જાણે છે અને ચાહવે છે.

કેટલીકવાર અલ્લાહને તેના બંદાની દુઆ, તેના કાર્યો અને તેના આંસુઓ પણ ગમે છે. તેથી જ તેઓ તેમની દુઆ વિલંબથી સ્વીકારે છે કે અલ્લાહ આ દિલ પસંદ અને મેહબૂબ અવાજને શક્ય તેટલું સાંભળે

[1] લેટર/૩૧

અને બંદો લાંબા સમય સુધી આ પવિત્ર અને આધ્યાત્મિક ઉપાસનામાં વ્યસ્ત રહે. આ વસ્તુ સ્વયં બંદા માટે ફાયદાકારક છે જેના કારણે તે અલ્લાહની વધારે નજીક થઈ જાય છે.

એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે ન તો દરેક દુઆ કે દરેક જરૂરિયાતની પરિપૂર્ણતા અલ્લાહનો કરમ અને દયાનો પુરાવો છે, ન તો કોઈ દુઆની અસ્વીકારતામાં અથવા કે તેનું મોડું પૂરું થવું એ અલ્લાહની આપણા પ્રત્યેની નારાજગીનો પુરાવો છે. ખાસ વાત એ છે કે બન્દગીના માર્ગ ઉપર આગળ વધો અને તમારી જરૂરિયાતો અને હાજતો ફક્ત તમારા અલ્લાહ પાસે જ માંગતા રહો, પછી ભલે તેની દુઆઓ પૂર્ણ થાય કે ન થાય.

અમારું કામ દુઆ કરવાનું છે, બાકી અલ્લાહ ઉપર છોડી દો કે જે લોકોનો સૌથી મોટા હમદર્દ અને તેમનો કલ્યાણ ઈચ્છે છે.

કેટલીકવાર વ્યક્તિ કંઈક માંગે છે અને તે નથી મળતું ... પરંતુ થોડા દિવસો પછી તેને પોતાને ખબર પડે છે કે દુઆ સ્વીકારવામાં ન આવે તે જ સારું હતું અને જો તે સમયે દુઆ પૂરી થઈ હોત તો તે કેટલું મોટું નુકસાન હતું. અલ્લાહ સિવાય બીજું કોણ છે જે ગૈબની વાતો જાણે છે? દુઆ ત્વરિત[1] સ્વીકારી લેવાથી બંદો અલ્લાહ પ્રત્યે લપરવા નહીં થાય તેની શું ગેરંટી છે? કારણ કે દુઆ પૂર્ણ થયા પછી તે તેમાં જ ડૂબી જશે અને અલ્લાહને સંપૂર્ણપણે ભૂલી જશે તેવી સંભાવના છે.

---

[1] ઝડપ

હઝરત અલી (અ.સ)ના મતે, દુઆ ન સ્વીકારવાનું બીજું કારણ અમ્ર બિલ મારૂફ અને નહી અનિલ મુનકર એટલે કે ભલાઈ તરફ બોલાવવું અને બુરાઈથી રોકવું, મહત્વના કર્તવ્યનો લોકોમાં ત્યાગ છે.

હઝરત અલી (અ.સ)એ આ દુનિયા છોડતી વખતે પોતાના ફરઝંદોને કરેલી વસિય્યતમાં કહ્યું છેઃ

ભલાઈનો આદેશ અને બુરાઈથી મનાઈ કરતા ક્યારેય શરમાશો નહીં, નહીં તો દુષ્ટ લોકો તમારા ઉપર હાવી થઈ જશે. પછી જો તમે દુઆ માંગશો, તો તે સ્વીકારવામાં આવશે નહીં.[1]

આ સંબંધને ફરીથી બાંધવા માટે, તૌબા અને નેક અમલની સાથે, આપણે એક વચન પણ આપવું પડશે કે આપણે ક્યારેય અલ્લાહની કૃપા, કરમ, સબ્ર અને તેના સત્તાર (એટલે કે, જે આપણી ખામીઓને છુપાવે છે) નો દુરુપયોગ નહીં કરીએ, નહીં તો આ સંબંધ તૂટવાનો ભય હંમેશા રહેશે, અને આ ભય પણ આપણી બાજુથી આવશે, મહેરબાન અલ્લાહ તરફથી નહીં.

## શું માંગવું?

આ તો આપણે પહેલેથી જ જાણીએ છીએ કે દુઆ અને મુનાજાતનો એક ભાગ અલ્લાહની હમ્દ અને સ્તુતિ (તારીફ) છે.

દરેક વ્યક્તિ પોતાની મારેફત અને વિચાર પ્રમાણે દુઆ કરે છે. કેટલીક દુઆઓ અને જરૂરિયાતો સામાન્ય, નાની અને માત્ર આ જગત

[1] લેટર/૪૭

સાથે સંબંધિત છે. જ્યારે કેટલીક દુઆઓ અને જરૂરિયાતો ઉચ્ચ, આધ્યાત્મિક અને સમાજના તમામ લોકો સાથે સંબંધિત છે.

જો આપણે જાતે જ માંગવું હોય તો કદાચ આપણે ખુદા પાસેથી ઘણી નાની વસ્તુઓ માંગી લઈશું, પરંતુ અલ્લાહે મોકલેલા પયગંબરો અને ઈમામોએ આપણને દુઆ કેવી રીતે કરવી અને અલ્લાહ પાસેથી શું માંગવું તે વિશે ઘણું બધું કહ્યું છે અને શીખવ્યું છે. જો આપણે આ વ્યક્તિત્વો દ્વારા શીખવેલા માર્ગ પર ચાલીશું, તો આપણી દુઆઓ અને હાજતોનું સ્તર ચોક્કસપણે ઊંચું થશે કારણ કે માસૂમીન (અ.સ) દુઆઓમાં પણ આપણા માટે આદર્શ[1] છે.

માસૂમીન તરફથી જે દુઆઓ આપણા સુધી પહોંચી છે તે આપણને ખૂબ જ મૂલ્યવાન અને ઊંડી બાબતો શીખવે છે. આ દુઆઓ આપણને જણાવે છે કે અલ્લાહને કેવી રીતે દુઆ કરવી, તેની સાથે કેવી રીતે વાત કરવી અને શું માંગવાની જરૂર છે. આ દુઆઓ આપણને એ પણ શીખવે છે કે આપણે આપણા અલ્લાહ પાસેથી શું માંગવું જોઈએ. આ દુઆઓ આપણને દીનના ઉચ્ચ મૂલ્યોની ઓળખાણ કરાવે છે, આપણી વિચારસરણીને[૨] વિશાળ બનાવે છે અને આપણા વિચારોને ઊંડાણમાં લઈ જાય છે, જેના પછી આ બેહતરીન હાલત અને દુવાઓ સિવાય બીજું કંઈ આપણી જીભ ઉપર આવતું નથી.

કેવું સારું થાત જો માણસ દુઆ કરવાની રીત અને જરૂરિયાતોને માંગવાને માસૂમીન પાસેથી શીખ્યું હોત, જેમની નજર માણસની

---

[1] આઈડિયલ
[૨] સોંચ

વાસ્તવિક સફળતા માત્ર આ જગતની જ નહીં પરંતુ આખેરતની પણ હોય છે.

ઈમામ અલી (અ.સ)એ તેમના ફરઝંદોને વસિય્યતમાં કહ્યું છે:

તેથી તમારે ફક્ત તે જ વસ્તુ માંગવી જોઈએ જેની ભલાઈ કાયમી હોય અને જેની પરેશાનીઓ તમને ન આવે. દુનિયાની સંપત્તિની વાત કરીએ તો, તે ન તો તમારા માટે રહશે અને ન તો તમે તેના માટે રહશો.1

એટલે કે, તમે જે વસ્તુઓ અલ્લાહ પાસેથી માંગો છો તે દુનિયાની વસ્તુઓ અને તેની સંપત્તિ અને મિલકત કરતાં ઘણી વધારે હોવી જોઈએ. તમારા મૃત્યુ પછી, તમારું બીજું જીવન શરૂ થશે, તેથી એવી વસ્તુઓ માંગો જે તમને મૃત્યુ પછીના જીવનમાં પણ ઉપયોગી થઈ શકે. એવી વસ્તુઓ માંગો જ નહીં જે મનુષ્યને વફાદાર નથી કારણ કે તે પોતાની મેળે જ ખતમ થઈ જાય છે તો જે એક દિવસ સમાપ્ત થઈ જવાની છે તેને શા માટે મોહબ્બત કરવી?

ઈમામ અલી (અ.સ)એ તેમના પુત્ર ઈમામ હસન (અ.સ)ને તેમની આ વસિય્યતમાં કહ્યું છે:

તમે તેની પાસેથી મુરાદો માંગો છો અને તેના રહમતના ખજાનામાંથી એવી વસ્તુઓ માંગો છો જે આપવાનો સ્વભાવ બીજા કોઈ

---

[1] લેટર/૩૧

فلتکن مسألتک فیما یبقی لک جمالہ و ینفی عنک....

પાસે છે જ નહીં, જેમ કે લાંબી ઉમ્ર, શારીરિક સ્વાસ્થ્ય, તાકત અને રિઝ્કમાં વધારો.[1]

આ એ વાતનો પુરાવો છે કે જો લાંબુ આયુષ્ય સાચા રસ્તે લગાવવામાં આવે તો સ્વાસ્થ્ય, તંદુરસ્તી અને સંપત્તિ પણ સારી વસ્તુઓ છે જે અલ્લાહ પાસેથી માંગી શકાય છે. તદુપરાંત, આ બધી એવી જરૂરિયાતો છે જેની પરિપૂર્ણતા એકલા અલ્લાહના હાથમાં છે અને તેના સિવાય બીજું કોઈ નથી જે આપણને લાંબી ઉમ્ર, આરોગ્ય અને તંદુરસ્તી અને રાહતથી ભરેલું જીવન પ્રદાન કરી શકે.

આ વસિય્યતમાં હઝરત અલી અ.સ કહે છેઃ

اکثر الاستخاره

એટલે કે, અલ્લાહ પાસેથી મહત્તમ ભલાઈ

અને ખૈર માટે સવાલ કરો.આપણા સમાજમાં એક ખૂબ જ પ્રખ્યાત ઈસ્તેખારો છે જે આપણે બધા જાણીએ છીએ, પરંતુ આ સિવાય, ઈસ્તેખારાનો બીજો એક વાસ્તવિક અર્થ છે અને તે છે વાસ્તવિક અર્થ એટલે કે અલ્લાહ પાસે "સુખાકારી અને ભલાઈ માંગવી".

કેટલું સારું થાય કે વ્યક્તિ જો અવલોકન, વિચાર અને સલાહ સિવાય હંમેશા ઈસ્તેખારા સાથે કામ કરે એટલે કે અલ્લાહને દુઆ કરે કે તેના માટે જે સારું છે તે જ તેની સામે આવે, તેના મગજમાં આવે અને

---

[1] લેટર/૩૧

فاقضیت الیه بحاجتک و سألته من خزائن رحمته مالا یقدر......

સલાહ આપનારના જીભ ઉપર પણ તે જ આવે જેથી ખૈર અને ભલાઈથી ફક્ત તેનું નસીબ બને.

જો આ રીતે જોવામાં આવે તો, ઈસ્તેખારો એક પ્રકારની દુઆ છે. હઝરત અલી ((અ.સ)એ આવી દુઆ ઉપર ખૂબ ભાર મૂક્યો છે.

બધી નેઅમતો, માત્ર દુન્યવી નથી અને બધી ઈચ્છાઓ માત્ર આ જગતમાં સમાપ્ત થતી નથી. આપણે આપણા વિચારો અને ખ્યાલોને ઉન્નત કરતી વખતે હઝરત અલી (અ.સ)ની દુઆઓ દ્વારા ઉંચી ઈચ્છાઓ અને ઉંચા વિચારો અપનાવતા શીખવું જોઈએ. અને પછી અલ્લાહથી આ દુઆઓ માંગવી જોઈએ. આજ કારણે ઈમામો તરફથી જે દુઆઓ આપણી પાસે પોહંચી છે તેને પઢવા ઉપર આટલો ભાર મૂકવામાં આવ્યો છે.

હઝરત અલી (અ.સ) એક દુઆમાં કહે છેઃ

અમે અલ્લાહને દુઆ કરીએ છીએ કે તે અમોને અને તમોને એવા બનાવે કે આ નેઅમતો અમને ગેરમાર્ગે ન દોરી શકે અને આના કારણે આપણે ક્યારે પણ અલ્લાહની મુખાલેફત ન કરીએ તેથી મૃત્યુ પછી આપણને ન તો શરમન્દગી થાય અને ન તો કોઈ દુઃખ સહેન કરવું પડે.[1]

આ તે ખાસ જરૂરિયાતો અને દીની ઇચ્છાઓ છે... કેટલાક લોકો એવા હોય છે કે જેમની આર્થિક અને સાંસારિક સ્થિતિ[2] સુધરતાની

---

[1] ખુત્બો/૬૨

نسال الله سبحانه ان يجعلنا و اياكم ممن لاتبطره نعمة.

[2] માલી અને દુન્યવી હાલત

સાથે જ ભટકી જાય છે. નાની નાની બાબતોના કારણે તેઓ અલ્લાહને ભૂલી જાય છે અને આખેરતમાં શરમ, હસરત પછતાવો તેમનું ભાગ્ય બની જાય છે.

હઝરત અલી (અ.સ) ઈલાહી ઈમતેહાન અને તેનાથી બચવા માટે દુઆ કરવા વિશે કહે છેઃ

તમારામાંથી કોઈ એવું ન કહે કે, 'હે અલ્લાહ, હું તારી પાસેથી ઈમતેહાનો અને આઝમાઈશોથી પનાહ માંગું છું' કારણ કે એવો કોઈ વ્યક્તિ નહીં હોય જે ઈમ્તેહાનો અને આઝમાઈશોમાં ફસાઈ ન હોય. જો કોઈ વ્યક્તિ પનાહ મેળવવા માંગે છે, તો તેણે તેને ગેરમાર્ગે દોરતી ઈમ્તેહાનો અને આઝમાઈશોથી પનાહ મેળવવી જોઈએ.[1]

એટલે કે જો અલ્લાહ આપણો ઈમતેહાન લે છે તો માણસે એ ઈમ્તેહાનમાં સફળતા મેળવવા માટે દુઆ કરવી જોઈએ  આપણી દુઆ આ ન હોવી જોઈએ કે તે આપણો ઈમ્તેહાનજ ન લે, કારણ કે બંદાઓ નો ઈમ્તેહાન એ અલ્લાહનો નિયમ અને કાનુન છે જેનાથી કોઈ મનુષ્ય બચી શકતો નથી.

અલ્લાહ આપણા માટે જે પરીક્ષા લે છે તેમાં સફળતા માટે દુઆ કરવી એ ખૂબ જ મહત્વપૂર્ણ દુઆ છે કારણ કે જે વ્યક્તિ અનુભવ અને ઈમ્તેહાનની કસોટીમાં પાસ થાય છે, તો તે તેનું સુખી ભાગ્ય અને નસીબ છે અને જો આ પરીક્ષામાં સહેજ પણ ભૂલ કે ભેળસેળ[2] થાય તો તેને નિષ્ફળતા અને શરમનો સામનો કરવો પડશે.

---

[1] હિકમત/૯૩
[2] મિલાવટ

વ્યક્તિની અકીદા અને ધર્મની સલામતી એ એક વિશેષ દુઆઓમાં થી છે જેના માટે વ્યક્તિએ હંમેશા અલ્લાહને દુઆ કરવી જોઈએ. જો આપણી આર્થિક સ્થિતિ મજબૂત અને સારી હોય, જો આપણું શરીર ફિટ અને સ્વસ્થ હોય, પરંતુ જો આપણે ઈમાનમાં નબળા હોઈએ તો સત્ય એ છે કે આપણે નિષ્ફળ છીએ કારણ કે આપણો ઈમાન અને દિન તમામ મુસીબતો અને આફતોથી સુરક્ષિત રહેવો એ આપણા સ્વાસ્થ્ય અને ધન કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે.

આ જ કારણ છે કે હઝરત અલી (અ.સ) આ રીતે દુઆ કરે છેઃ

જેમ આપણે તેની પાસે આપણા શરીરની તંદુરસ્તી માટે દુઆ કરીએ છીએ, તેવી જ રીતે આપણે તેની પાસે દિન અને ઈમાનની સલામતી પણ માંગીએ છીએ.[1]

અલ્લાહ પાસે શું માંગવું અને શું દુઆ કરવી, આ માટે પણ આપણે આલ્લહને દુઆ કરવી જોઈએ કે હે અલ્લાહ! જેમાં અમારા માટે કલ્યાણ અને ભલાઈ છે, માત્ર એ જ બેહતરીન દુઆઓ, અમારી જીભ પર આવે. તુજ છે અમને હિદાયત આપ અને અમને માર્ગ બતાવો! અમારા વિચારો અને ખયાલોને સારા હાલતો અને દુઆઓ તરફ ફેરવી દે!

હઝરત અલી (અ.સ)ની કેટલીક દુઆઓમાં આ રીતે લખવામાં આવ્યું છેઃ

---

[1] ખુત્બો/૯૭

و نسأله المعافاة فی الادیان کما نسأله المعافاة فی الابدان

હે અલ્લાહ! જો હું માંગવામાં અસમર્થ રહું અથવા મારો હેતુને ભુલી જાઉં તો તુ મને મારી મસ્લેહતો તરફ માર્ગદર્શન આપ અને મારા હૃદયને સફળતાના યોગ્ય મુકામ પર લઈ જા.[1]

હઝરત અલી (અ.સ)એ તેમના અમુક ખુત્બાને આ દુઆ સાથે સમાપ્ત કર્યા છે, જે બેહતરીન દુઆ અને હાજતોનું સુંદર ઉદાહરણ છેઃ

અમે અલ્લાહથી શહીદોનો દરજ્જો, નેક લોકોની દોસ્તી અને નબીઓની સોબત[2] માંગીએ છીએ.[3]

બધા જાણે છે કે શહીદોનું મકામ જન્નત છે. નેક લોકો પણ પાક સાફ જીવન જીવે છે, પયગંબરોની મોહબ્બત અને તેમની સોબત પણ ખાલીસ નીયત, સારા અમલો અને અલ્લાહની બંદગીથીજ હાસિલ કરી શકીએ છીએ.

હઝરત અલી (અ.સ)એ આ ત્રણ બાબતો દ્વારા આપણને ખૂબ જ મૂલ્યવાન અને ખૂબ જ ખાસ દુઆ શીખવી છે.

રોશની ફેલાવનારા

દરેક યુગમાં, એવા લોકો રહ્યા છે જેઓ અલ્લાહની મારેફત, અલ્લાહની યાદ, તેના ઝિક્ર, દુઆ અને મુનાજાતમાં જમીન ઉપર

---

[1] ખુત્બો/૨૨૪
الهم ان فهمت عن مسألتى او عميت عن تلبتي
[2] સાથ
[3] ખુત્બો/૨૩
نسأل الله منازل الشهداء ومعايشة السعداء و مرافقة الانبياء

અલ્લાહની હુજ્જત માનવામાં આવતા હતા, જેઓ અલ્લાહ સુધી પહોંચવાના આ નુરાની રસ્તાઓને[1] સારી રીતે જાણતા હતા.

જ્યારે ઈમામ અલી (અ.સ) સુરએ નૂરની આયત નં/૩૭ ની તિલાવત કરતા હતા, ત્યારે તેઓ કહેતા હતા કે આ એ લોકો છે જેમણે ખુદાની યાદને પોતાના દિલની રોશની અને આત્માની શાંતિ બનાવી છે. ફતરતનો જમાનો જે રસુલ અને રિસલતથી ખાલી હતો, ત્યારે ખુદા આ લોકોના દિલો સાથે રાઝો નીયાઝ કરતો અને તેમના ચહેરા હક અને હકીકત તરફ ફેરવતો હતો.

હઝરત અલી (અ.સ) અલ્લાહના આ ખાસ બંદાઓના ગુણોને આ રીતે ગણાવે છેઃ

આ અંધકારના દીવા છે અને હૃદયમાં ઉ વતા શંકાઓને દૂર કરે છે. અલ્લાહના કેટલાક લોકો એવા છે જેમણે દુનિયાના બદલામાં ખુદાની યાદ લીધી છે. ન તો કામ કે ન તો ખરીદ-વેચાણ તેમને આનાથી દૂર કરી શકે છે. આ લોકો પોતાના દિવસો અલ્લાહની યાદમાં વિતાવે છે અને અજ્ઞાન લોકોને તે કામો કરવાથી રોકવાની કોશિશ કરે છે જેને અલ્લાહે મનાઈ (હરામ કામ) ફરમાવી છે. અદલ અને ઈન્સાફનો આદેશ આપે છે અને તેઓ પોતે તેનું પાલન પણ કરે છે. તેઓ દુષ્ટતા (બુરાઈઓ)થી રોકે છે અને પોતાની જાતને પણ તેનાથી દૂર રાખે છે જાણે કે આ દુનિયામાં રહીને જ તેઓએ આખેરતની મંઝિલ નક્કી કરી લીધી હોય અને આ દુનિયા પછી જે કંઈ થવાનું છે તે પોતાની આંખોથી જોઈ લીધું હોય, જાણે કે તેઓ લાંબા સમય સુધી બરઝખમાં રહેતા

[1] આધ્યાત્મિક માર્ગને

લોકોની છુપાયેલી પરિસ્થિતિઓ વિશે જાણતા હતા જે હજુ સુધી તેમની સાથે બન્યું નથી અને કયામતના દિવસે તેના વચનો અને વાદાઓ પૂરા કરી દીધા છે. જાણે કે તેઓ અલ્લાહને બોલાવવાને કારણે અલ્લાહની ક્ષમાના પવનમાં શ્વાસ લઈ રહ્યા હોય, તેની દયા અને ફઝલમાં ડુબેલા, તેની અઝમતની સામે ઝિલ્લત અને પસ્તીમાં ફસાયેલા હોય, દુઃખ અને મુશ્કેલીના એક લાંબા સમયગાળાથી તેમના હૃદય ભરાઈ ગયા હોય અને આંસુની વિપુલતાએ તેમની આંખોને ઈજા પહોંચાડી હોય તથા તેમના હાથએ દરેક એ દરવાજા ઉપર ખટખટાવ્યું છે જે તેમને અલ્લાહ તરફ લઈ જાય.

તેઓ તેની પાસેથી માંગે છે જેના કરમમાં ક્યારેય ઘટાડો થતો નથી અને જેઓ પોતાની ઈચ્છાઓ સાથે આગળ વધે છે અને તે નિરાશામાં ભટકતા નથી.[1]

આ અલ્લાહ વાળાઓ અને તેનાથી દુઆ અને મૂનાજાત કરનારાઓની નિશાનીઓના અમુક ઉદાહરણો હતા જેમના ઉપર અલ્લાહની ખાસ ઈનાયત હતી. ફતરતના સમયમાં પણ,જ્યારે પયગંબરોનો સિલસિલો બંધ થઈ ગયો હતો, ત્યારે પણ આ લોકો ઈબાદત,મુનાજાત અને દુઆની ગરિમાને ઓળખતા હતા અને લોકોમાં માર્ગદર્શક માનવામાં આવતા હતા. આ લોકો એટલા બુદ્ધિશાળી,જ્ઞાની, સમજદાર અને બસીરત વાળા હતા કે તેઓ સહી[૨] માર્ગે ચાલનારા પણ હતા અને રસ્તો પણ બતાવતા હતા.

---

[1] ખુત્બો/૨૧૯
[૨] હક

પયગમ્બર ઈસ્લામના સહાબીઓની વિશેષતા

પયગમ્બરના તે સાથીદારો અને તે સમયના નેક મુસ્લિમોને યાદ રાખવાથી વિશ્વભરના મુસ્લિમોને સાચા અને સહી મુસ્લિમો બનવાની પ્રેરણા મળશે જેઓ હંમેશા પયગંબર સાથે હતા અને જેમણે તેમના સમયમાં મહાન કાર્યો કર્યા હતા.

ઈમામ અલી (અ.સ) પોતાના સહાબીઓ અને સાથીદારોથી ખૂબ નારાજ હતા કારણ કે તેમના સાથીદારો ખૂબ જ આળસુ અને સુસ્ત બની ગયા હતા. તેમના એક ખુત્બામાં, આ સાથીઓને ઠપકો મારી, હઝરત અલી (અ.સ) રસુલના જમાનાના એ મુસ્લિમોને યાદ કરે છે જેઓ કુરાનની તિલાવતને વધારે પસંદ કરતા હતા અને યુદ્ધના મેદાનમાં દિલમાં શહાદતની ભાવના સાથે નગ્ન તલવારો સાથે જંગમાં આગળ આગળ રહતા હતા.

હઝરત અલી (અ.સ) તેમની આધ્યાત્મિક સ્થિતિ, તેમની દુઆ, મુનાજાત અને અલ્લાહ સાથે રાઝો નીયાઝને આ રીતે વર્ણન કરે છે:

રડવાને કારણે તેમની આંખો સફેદ, રોઝાના કારણે તેમનું પેટ ચોંટી, દુઆના કારણે તેમના હોઠ સુકાઈ અને જાગવાના કારણે તેમનો રંગ પીળો થઈ ગયો હતો. આજેઝી સાથે કામ કરનારાઓની જેમ તેમના ચહેરા પણ કાદવ (માટી)થી ઢંકાયેલા હતા.1

---

1 ખુત્બો/૧૧૯

مره العيون من البكاء خمص البطون من الصيام....

આ વિશેષતાઓ અને ગુણો એટલે કે અલ્લાહની મારેફત, બહાદુરી, આખી રાત રડવું, આંસુ, દુઆ, નમાઝ, જેહાદ, યુદ્ધો... આ બધું પયગમ્બરના સાથીઓની વિશેષતા હતી જેમની તરબીયત પયગમ્બરે પોતે કરી હતી. આ એવા લોકો હતા જેમણે અલ્લાહ અને તેની બંદગીના ઈશ્કમાં, દુઆ, મુનાજાત અને આંસુઓથી તેમની રાતોને પ્રકાશિત કરી હતી.

હઝરત અલી (અ.સ) એક બીજા ખુત્બામાં કહે છે:

મેં મોહમ્મદના ખાસ સાથીઓને જોયા છે. હું તમારામાંથી એક ને પણ તેમના જેવો નથી જોતો. તેઓ સવારે એવી સ્થિતિમાં જાગતા કે તેમના વાળ વિખરાયેલા અને ચહેરો ધૂળથી ઢંકાયેલો હોતો, જ્યારે રાત્રે તેઓ સજદા અને કિયામમાં રાત વિતાવી ચુક્યા છે, એવી સ્થિતિમાં કે ક્યારેક કપાળને સજદામાં રાખતા અને ક્યારેક તેમના ગાલ. મૈદાને હશ્રને યાદ કરી એવા અશાંત અને બે ચૈન રહતા જાણે અંગારા ઉપર ઊભા હોય. જ્યારે પણ તેમની સામે અલ્લાહનો ઉલ્લેખ આવતો ત્યારે તેમની આંખો એટલી વરસી જતી કે તેમના ગીરેબાન ભીના થઈ જતા.[1]

આ કારણથી હઝરત અલી ઈચ્છતા હતા કે તેમના સાથીઓ પણ પયગંબરના સમયના મુસલમાનોની જેમ ખુદાની બારગાહમાં દુઆ અને મુનાજાત કરનારા, અહો બુકા કરનારા, અને ખુદાને યાદ કરીને આંસુ વહાવ્નારા બની જાય.

---

[1] ખુત્બો/95
لقد رایت اصحاب محمد

### હઝરત અલી (અ.સ)ની દુઆઓ

નહજુલ બલાગામાં હઝરત અલી (અ.સ)એ ઘણી જગ્યાએ અલ્લાહને દુઆ પણ કરી છે, જેના દ્વારા તેમણે આપણને અલ્લાહને દુઆ કરવાની રીત શીખવી છે, જે આપણા માટે એક ઉત્તમ ઉદાહરણ છે, જેને વાંચીને આપણે સમજી શકીએ છીએ કે આપણે અલ્લાહને શું દુઆ કરવી જોઈએ.

અમે આમાંની કેટલીક દુઆઓનો ઉલ્લેખ પાછલા પૃષ્ઠોમાં કર્યો છે.

નહજુલ બલાગામાં, હઝરત અલી (અ.સ)એ તેમની દુઆમાં આપણને ખૂબ ઊંડા અર્થો અને વાતો શીખવી છે, આ દુઆમાં આપણે એ પણ જોઈએ છીએ કે ઈમામે ખુદાની હમ્દ અને તારીફ કરી છે અને તેની વિશેષતાઓ પણ બતાવી છે.

કૃપા કરીને આવો! ચાલો હવે આ દુઆઓના કેટલાક નમૂનાઓ ઉપર ધ્યાન આપીએ જેથી તેને વાંચ્યા પછી, આપણે પણ હઝરત અલી (અ.સ) દ્વારા શીખવવામાં આવેલી દુઆઓ દ્વારા અલ્લાહથી માંગવાની રીત પણ જાણી શકીએ.

### 1- યાત્રા (સફર) પર જતા સમયે દુઆ

હે અલ્લાહ, હું આ યાત્રાના દુઃખો અને મુશ્કેલીઓ અને તેમાંથી પાછા ફરવાના દુઃખ અને પીડાથી અને મારા કુટુંબ, સંપત્તિને અપ્રિય દ્રશ્યોથી પનાહ માંગું છું, હે અલ્લાહ! સફરમાં તુ અમારો સાથી અને

અમારા બાળકોનો રક્ષક છે, સફરમાં હોય કે ઘરે, તારા સિવાય કોઈ અમને એકબીજા સાથે રાખી શકતું નથી.[1]

**2-** તે દુઆ જે ઈમામ અલી (અ.સ) ખૂબ માંગતા હતા

હે અલ્લાહ! હું તારી પાસે પનાહ માંગું છું કે તારા દ્વારા આપવામાં આવેલી સંપત્તિ હોવા છતાં હું ભિખારી બનીને રહું અથવા તારા માર્ગદર્શનની હાજરીમાં ભટકી જાઉં અથવા તારા શાસનમાં જીવતા સતાવણી કે અપમાનિત થઈ જાઉં, જ્યારે બધી કુદરત અને તમામ સત્તા ફક્ત તારી પાસે છે. હે અલ્લાહ! મારી જે અમૂલ્ય વસ્તુઓ જે તુ છીનવી લઈશ તેમાં મારી (રૂહ) આત્માને સૌથી મોખરાનો[2] દરજ્જો આપ અને મને સોંપવામાં આવેલ અમાનતોમાં તેને પ્રથમ અમાનત બનાવો જે તુ છીનવી લઈશ.

હે અલ્લાહ! અમે પનાહ માંગીએ છીએ અમને જે માર્ગદર્શન[3] આપ્યું છે તેનાથી વિમુખ થઈ જઈએ, અથવા એવી લાલચમાં પડવાથી કે જેનાથી અમે તારા દીનથી દૂર થઈ જઈએ, અથવા જે માર્ગદર્શન આપે છે તેને સ્વીકારવાને બદલે અમારા હ્રદયની ઈચ્છાઓ જે અમને દુષ્ટતા તરફ લઈ જાય છે અમે તારી પાસેથી પનાહ માંગીએ છીએ.[4]

---

[1] ખુત્બો/૪૬

اللهم انی اعوذبک من وعثاء السفر و کابة المنقلب...

[2] આગળ, ઉંચો

[3] હિદાયત

[4] ખુત્બો/૨૧૩

**3-** વરસાદ માટે દુઆ

હે અલ્લાહ! તારી રહમતની ઈચ્છા રાખીને, ભરપૂર નેઅમતોની ઈચ્છા રાખીને, તારા અઝાબ અને ગજબથી ડરીને અમે અમારા ઘરના પડદાઓ અને ખૂણાઓમાંથી તારી તરફ બહાર આવ્યા છીએ. આ ક્ષણે જ્યારે પ્રાણીઓ ચીસો પાડી રહ્યા છે અને બાળકો રડી રહ્યા છે, હે અલ્લાહ! અમને વરસાદથી પાણી આપ, અમને નિરાશ ન થવા દે, અને દુષ્કાળથી અમને નાશ ન થવા દે, અને અમારામાંથી કેટલાક મૂર્ખ લોકોના કાર્યોને લીધે અમને તારી પકડ થી દૂર રાખ.

હે! રહેમ કરનારામાં સૌથી વધુ મહેરબાન, જ્યારે અમે સખતી અને મુશ્કેલીઓમાં પડી ગયા, દુષ્કાળમાં લાચાર થઈ ગયા અને સતત વધતી જતી જરૂરિયાતોથી બે બસ અને લાચાર બની ફિતના અને ફસાદમાં ફંસાઈ ગયા છે ત્યારે અમે તારી તરફ આવ્યા....!

હે અલ્લાહ! અમે તને વિનંતી કરીએ છીએ કે તુ અમને હતાશ અને વંચિત પાછો ન કર અને અમને એવી રીતે પાછો ન કર કે અમે અમારા હાલ પર રડતા હોઈએ. અમારા પાપોને લીધે (ગજબ સાથે) વાતો ન કર અને અમારા કર્મો પ્રમાણે અમારી સાથે વ્યવહાર ન કર.

હે અલ્લાહ! તુ અમારા ઉપર વરસાદ અને બરકત, રિઝ્ક અને રહમતનો દામન ફેલાવી દે.[1]

---

الهم انی اعوذ بک ان افتقر فی غناک

[1] ખુત્બો/૧૪૩
اللهم انا خرجنا الیک من تحت الاستار و الاکنان

**4-** જંગે સિફ્ફિનની શરૂઆતમાં દુઆ

હે અલ્લાહ! હે આ ઉચ્ચ આકાશ અને શાંત પ્રકૃતિના પરવરદિગાર. જો તુ અમને દુશ્મનો ઉપર કાબૂ અને હાવી થવાની તક આપે તો અમને ઝુલ્મથી બચાવ અને અમને સત્યના સીધા માર્ગ ઉપર રાખ અને જો તુ દુશ્મનોને અમારા ઉપર હાવી થવા દે તો અમને શહાદત આપ અને અમને જીવનની છેતરપિંડીથી બચાવ.[1]

**5-** એક બીજી દુઆ

હે અલ્લાહ! તે વાતોને માફ કર જે તુ મારા કરતા વધુ સારી રીતે જાણે છે, જો હું ગુનાહ તરફ પાછો જઉં, તો તુ તારી મગફેરત સાથે પાછો ફર.

હે અલ્લાહ! મહેરબાની કરીને મને તે સારા કાર્યો માટે ક્ષમા કર જે મેં મારી જાતને કરવાનું વચન આપ્યું હતું પરંતુ તેને પૂર્ણ કર્યુ નથી.

મારા અલ્લાહ મારી જીભમાંથી નીકળેલા એ શબ્દોને પણ માફ કર, જેના વડે હું તારી નજીક રહેવા માંગતો હતો, પરંતુ મારું હૃદય તેનું સાથ આપી શક્યું નહીં.

[1] ખુત્બો/૧૬૯
اللهم رب السقف المرفوع

પરવરદિગાર! કૃપા (મહેરબાની) કરીને આંખોના હાવભાવ, ખોટા શબ્દો, હૃદયની (દુષ્ટ) ઈચ્છાઓ અને જીભની કઠોરતાને માફ કર.[1]

**6-** દુશ્મનો માટે દુઆ

હે અલ્લાહ! અમારું પ્રાણ પણ સુરક્ષિત રાખ અને તેમનું પણ. અમારી અને તેમની વચ્ચે સીધા માર્ગ ઉપર ચાલવાની વ્યવસ્થા ઉભી કર અને તેમને ગુમરાહીથી હિદાયત તરફ લઈ આ.[2]

**7-** દુશ્મનો માટે બદ દુઆ[3]

હે અલ્લાહ! જો તેઓ હકનો અસ્વીકાર કરે છે, તો પછી તેમના જૂથને તોડી નાખ અને તેમને એક અવાજ ઉપર એક નહીં થવા દે અને તેમના ગુનાહઓની સજામાં તેમનો નાશ કરી નાખ. કે તેઓ તેમના ઉદ્દેશ્યથી વિચલિત થવાના નથી..[4]

---

[1] ખુત્બો/૭૬
اللهم اغفر لى ما انت اعلم به مني
[2] ખુત્બો/૨૦૪
[3] ખુત્બો/૧૨૨
[4] اللهم فان ردوا الحق فافضض جماعتهم

## 8- સન્માન અને આદર માટે દુઆ

હે અલ્લાહ! મારા સન્માન (ઈજ્જત)અને આદરને (આબરૂ) તારી ગિના અને શક્તિથી સુરક્ષિત રાખ. ગરીબી અને વ્યથિત સ્થિતિને કારણે મારી મંઝિલ મારી નજરથી ન જવા દે. એવું ન થાય કે જેઓ તારાથી આજીવિકા રોઝી-રોટી માંગે છે તેમની પાસેથી હું મારી આજીવિકા માંગવા લાંગુ અને તારા બંદાના ઉપકારો અને કર્મો પર મારી નજર રાખું, કે જે મને કંઈક આપે તો તેના વખાણ કરવા લાગું અને જે નહીં આપે તો હું તેની બુરાઈ કરવા લાંગુ.[1]

## 9- પોતાની પ્રશંસા કરનારાઓ માટે દુઆ

હે અલ્લાહ. તુ મારી જાતને મારા કરતા વધારે જાણે છે અને હું મારી જાતને આ લોકો કરતાં વધુ સારી રીતે ઓળખું છું. હે અલ્લાહ! આ લોકો મારા વિશે જે વિચારે છે તેના કરતાં મને વધુ સારા બનાવ અને જે (ભૂલો, ગલતીઓને) તેઓ જાણતા પણ નથી તેને માફ કર.[2]

---

[1] ખુત્બો/૨૨૨
اللهم صن وجهی بالیسار

[2] ખુત્બો/૧૦૦
اللهم انک اعلم بی من نفسی

**10-** નિફાકથી બચવાની દુઆ

હૈ અલ્લાહ! હું એ વાતથી તારી પનાહ માગું છું કે, લોકોની જાહેર દ્રષ્ટિમાં મારૂં જાહેર સુંદર હોય અને જે ગુપ્ત તારા માટે છુપાવેલ છે તે કદરૂપુ હોય. હું લોકોને દેખાડવા માટે એ વસ્તુઓની સંભાળ રાખું જેને તું જાણે છે કે લોકોની સામે સારો હોવાનો દેખાવ કરૂં અને તારા દરબારમાં સૌથી ખરાબ કર્મો સાથે હાજર થાઉં, જેના પરિણામે હું તારા બંદાઓની નજીક થાઉં પણ તારી મરજી અને ખુશીથી દૂર જતો રહું.[1]

આ આપણા ઈમામ હઝરત અલી (અ.સ)ની દુઆઓના અમુક નમૂના છે.

આ ઈમામ (અ.સ)ની મહાન હિંમત અને અલ્લાહ પાસેથી તેમની ઉચ્ચ જરૂરિયાતો મેળવવા અને દુઆ કરવામાં મહાન વિચારસરણીનો પુરાવો છે. અલવી દુઆઓનો મોટો સંગ્રહ દુઆઓની અન્ય પુસ્તકોમાં પણ મોજૂદ છે. આ પુસ્તકમાં અમે નહજુલ બલાગામાં લખેલી દુઆના માત્ર અમુક ભાગો રજૂ કર્યા છે અને આ દુઆઓ નહજુલ બલાગાના ઉપદેશો, પત્રો અને હિકમતોની વચ્ચે આવી છે, એવું નથી કે ઈમામે આ દુઆઓને સંપૂર્ણ દુઆ તરીકે રજૂ કરી હોય.

જો કોઈ વ્યક્તિ હઝરત અલીની વિશેષ દુઆ જોવા માંગે છે, તો તેણે દુઆ કુમૈલ, દુઆ સબાહ અને મસ્જિદે કુફામાં તેમની મુનાજાત વાંચવી જોઈએ, જેથી તે રાત્રિના અંધકારમાં અમુક હદ સુધી અલી (અ.સ)ને ઓળખી શકે, ત્યારબાદ તે પણ આ માર્ગે ચાલી દુઆ,

---

[1] હિકમત/૨૭૬

મુનાજાત અને રાઝો નિયાઝ કરી અલ્લાહ સુધી પહોંચી જાય અને અલ્લાહ તેના દિલને પણ નુરાનીયત આપી શકે..

**ઇમામ અલી (અ.સ)ની વસિય્યતનો એક ભાગ**

ખાતરી રાખો કે રિઝક બે પ્રકારના હોય છે; એક જે તમે શોધો છો અને એક જે તમને શોધે છે અને જો તમે તેની તરફ ન જાઓ તો પણ તે તમારી પાસે આવશે. જ્યારે જરૂરત હોય ત્યારે ઝૂંકી જવું અને જ્યારે મતલબ નિકળી જાય ત્યારે અસભ્ય વર્તન કરવું એ કેટલી ખરાબ આદત છે. (એટલે જરૂરતના સમયે સારી રીતે પેશ આવું અને જરૂરત પૂરી થયા પછી અસભ્યથી પેશ આવું ખરાબ આદત છે.) આ દુનિયામાંથી એટલી હદે જ તમારું માનો જેનાથી તમે તમારી આખેરતને સજાવી (આકાર આપી) શકો. જો તમે તમારા હાથમાંથી જતી દરેક વસ્તુ વિશે હોબાળો કરો છો તો પછી તમને ન મળેલી દરેક વસ્તુ માટે અફસોસ કરવો જોઇએ. વર્તમાન પરિસ્થિતિ પરથી ભવિષ્યની પરિસ્થિતિનો અંદાજ કાઢો. એવા લોકો જેવા ન બનો કે જેમને નસીહત, સંપૂર્ણ રીતે દુઃખી ન થાય ત્યાં સુધી કામ કરતી નથી, કારણ કે સમજદાર લોકો ફક્ત શબ્દોથી માની જાય છે, પરંતુ જાનવરો લાત માર્યા વગર માનતા નથી. સબ્રની મજબૂતી અને યકીનના બળથી દુઃખ અને મુશ્કેલીને દૂર કરો. જે મધ્યમાર્ગ છોડી દે છે તે ભટકી જાય છે. મિત્ર એક પ્રિય વ્યક્તિ જેવો છે. સાચો મિત્ર એ છે જે તમારી પીઠ પાછળ પણ મિત્રતા જાળવી રાખે. હવા અને હવસ (વાસના)ના કારણે મુશ્કેલીમાં મુકાવું જરૂરી છે. ઘણા નજીકના લોકો અજાણ્યાઓ કરતા વધુ દૂર હોય છે, અને ઘણા અજાણ્યા લોકો નજીકના લોકો કરતા વધુ નજીક હોય છે. અજાણી (પરદેશી) વ્યક્તિ તે છે જેને કોઈ મિત્ર નથી. જે હકના રસ્તાને છોળે છે, તેનો માર્ગ સાંકડો થઈ જાય છે. જે પોતાની ક્ષમતા (હેસીયત)થી આગળ વધતો નથી, તેની મંઝેલત બાકી રહે છે. તમારા હાથમાં સૌથી મજબૂત વસીલો તે છે જે તમારી અને અલ્લાહ વચ્ચે છે.

નોંધઃ

આ પુસ્તકમાં દર્શાવેલ તમામ હદીસો નેહજુલ બલાગાહના વિવિધ ઉપદેશો, પત્રો અને ટૂંકા શબ્દોમાંથી લેવામાં આવી છે.

# સુપ્રીમ લીડર આયતુલ્લાહ ખામેનાઈના શબ્દોમાં નેહજુલ બલાગાની સંક્ષિપ્ત વ્યાખ્યા



અમારું ઉદાહરણ એક બીમાર વ્યક્તિ જેવું છે કે જેના ખિસ્સામાં અથવા તેના અલમારીમાં ખૂબ જ મહત્વપૂર્ણ ડૉક્ટરનું (પ્રિસ્ક્રિપ્શન) નુસ્ખો હોય છે, પરંતુ તે ન તો તેને ખોલે છે અને ન તો તેના ઉપર અમલ કરે છે, પરંતુ તેની માંદગીને કારણે પીડાતા રહે છે.

નેહજુલ બલાગા સદીઓથી આપણી વચ્ચે હાજર છે પરંતુ આપણે તેનાથી કશું લીધું નથી. અમે તેના ઉપદેશોને બાજુ રાખી અને આપણી જાતિ અને સામાજિક બિમારીઓને આપણા હૃદયની લગાડીને રાખ્યુ છે. આ તે દુઃખદ સ્થિતિ અને પીડા છે, જે તે દરેક વ્યક્તિને જે એકવાર નેહજુલ બલાગાને યોગ્ય રીતે વાંચે છે અને સમજે છે તેને સતાવશે.

પ્રકાશક: અયનુલ હયાત ફાઉન્ડેશન